

# સેરિસા ભોયણી પાનસર

અને

## બીજાં તીર્થો


: લેખક :

ધર્મજયંતોપાસક

પૂ. મુનિરાજ શ્રીવિશાળવિજયજી



પ્રકાશક : શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા : ગાંધીચોક : ભાવનગર

# સેરિસા ભોયણી પાનસર

## અને બીજાં તીર્થો

: લેખક :

ધર્મજયંતોપાસક

પૂ. મુનિરાજ શ્રીવિશાળવિજયજી

: પ્રકાશક :

શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા

ગાંધી ચોક : ભાવનગર

પહેલી આવૃત્તિ
વિ. સં. ૨૦૧૯
વીર સં. ૨૪૮૯
ધર્મ સં. ૪૧
ઈ સ. ૧૯૬૩

કિંમત : રૂા. ૧-૫૦ ન. પૈ.

લેખક :
પૂ. મુનિરાજ શ્રીવિશાળવિજયજી

પ્રકાશક :
અભયચંદ ભગવાન ગાંધી
મંત્રી : શ્રીયશોવિજય ગ્રંથમાળા
ગાંધી ચોક : ભાવનગર

મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ
શારદા મુદ્રણાલય
પાનકોરનાકા : અમદાવાદ



શાંતમૂર્તિ પંન્યાસ શ્રીહીરમુનિ મહારાજ ગણિવર્ય



## સમર્પણ

શાસન માટે મારવાડ દેશમાં વિચરી અનેક
કષ્ટો સહન કરી અન્યધર્મી તરફથી કઠોર
ઉપસર્ગોને સહન કરનાર એવા આત્મ-
સહધર્મી સ્વર્ગસ્થ પંન્યાસપદવી-
ધારક શાન્તમૂર્તિ હીર મુનિ
મહારાજ ગણિવર્યની
પુણ્યસ્મૃતિને.

ધર્મજયંતોપાસક
—મુનિ વિશાળવિજય

# પ્રકાશકીય

તીર્થધામોનો પરિચય કરાવનારી પુસ્તિકાઓ પ્રગટ કરવાની અમારી પ્રવૃત્તિ એકાએક થંભી ગઈ હતી. લગભગ બે વર્ષ જેટલો સમય વીત્યા પછી અમે આ પુસ્તિકા પ્રકાશિત કરી શકયા છીએ. આ વિલંબનું કારણ એ છે કે, તીર્થધામોની પુસ્તિકાઓના લેખક પૂજ્ય મુનિરાજ શ્રીવિશાળવિજયજી મ૦ છેલ્લા એકાદ વર્ષથી હોસ્પીટલમાં પથારીવશ હતા.

આમ છતાં અમારી વારંવારની માગણીથી પ્રેરાઈને પૂ. મહારાજશ્રીએ આ પુસ્તિકા તૈયાર કરી આપી છે તે બદલ અમે તેમના પરમ ઋણી છીએ.

પૂ૦ મહારાજશ્રીએ આ પુસ્તિકામાં ૧ સેરિસા, ૨ ભોયણી, ૩ પાનસર, ૪ વામજ, ૫ ઉપરિયાળા અને ૬ વડગામ એ રીતે ૭ સ્થળોનો પરિચય આપ્યો છે. આ બધાં સ્થળો અમદાવાદની નજીકમાં આવેલાં છે અને એ સ્થળોની આસપાસ વસતી જૈન જનતા વારતહેવારે આ સ્થળોમાં યાત્રા-પ્રવાસ માટે જાય છે. એ સ્થળો વિશે જનતાને પરિચય કરાવવો આવશ્યકીય છે એમ સમજીને આ પુસ્તિકા તૈયાર કરી છે.

પૂજ્ય મહારાજશ્રીનાં તીર્થવિષયક ૧૧ પુસ્તકો પ્રગટ કર્યા પછી આ બારમું પુસ્તક પ્રગટ કરી શકયા છીએ.

તીર્થધામોની પુસ્તિકાઓ પ્રગટ કરવા માટે ભાવુકો વારંવાર પૂછપરછ કરે છે તેથી અમે આ પ્રવૃત્તિ નિયમિત કરવા પ્રવૃતિશીલ છીએ. આ પુસ્તિકાને સર્વાંગ સુંદર બનાવવામાં જાણીતા પં. અંબાલાલ પ્રેમચંદ શાહે ઉલટભર્યો શ્રમ લીધો છે, સંસ્થા તેમની ઋણી છે.

મંત્રી

श्रीशंखेश्वरपार्श्वनाथाय नमो नमः ।

यक्षराट् श्रीमणिभद्रो विजयतेतराम् ।

श्रीमद्विजयधर्मसूरिगुरुभ्यो नमो नमः ।

श्रीजयन्तविजयगुरुभ्यो नमः ।

# સંપાદકીય નિવેદન

વૃદ્ધાવસ્થા અને નાદુરસ્ત તબિયતના કારણે ભવતારક પવિત્ર તીર્થો વિશે માહિતી એકત્રિત કરવામાં શિથિલતા આવી ગઈ છે એમ મારા વાચકવર્ગ આગળ મારે કબૂલાત આપવી પડે છે.

અમદાવાદ અને તેની નજીકનાં તીર્થો સેરિસા, ભોયણી, પાનસર, ઉપરિયાળા વગેરે યાત્રીની દૃષ્ટિએ ધાર્મિક પ્રવૃત્તિ અને હવાફેરની ગરજ સારે એવાં સ્થળો છે, તેનો પરિચય અપાય તો ઠીક એમ શ્રી. યશોવિજય ગ્રંથમાળાના સંચાલકો અને કેટલાક તીર્થભક્તોએ મને જણાવેલું એટલે આ પુસ્તિકા તૈયાર કરવાની મારી ઇચ્છા બલવતી થઈ અને પુસ્તકનો આકાર આપી શક્યો.

મારી ઇચ્છા તો ભારતનાં પ્રત્યેક જૈન તીર્થોનો પરિચય તૈયાર કરવાની છે પણ ઉપરના કારણે હવે તે ઇચ્છા બર આવે એમ લાગતું નથી. નવું વાચન થાય નહીં ત્યારે જૂની મૂડી ઉપર માણસ કેટલું નભી શકે ?

આમ છતાં શ્રી યશોવિજય ગ્રંથમાળાના સંચાલકો મને પ્રેરણા કરતા રહે છે એટલે મારી અગાઉની સંકલિત વિગતોને પુસ્તિકાનું રૂપ આપી શક્યો છું. તેમાં પં. શ્રી અમૃતલાલ તારાચંદ દોશીએ અને પં૦ અંબાલાલ પ્રેમચંદ શાહે સંકલનામાં મદદ કરી છે તે બદલ તેમને ધન્યવાદ આપું છું. મારા સાથી મુનિરાજ શ્રી જયાનંદવિજયજીએ પણ સારી મદદ કરી છે તેની નોંધ લઉં છું.

આ પછીનાં બીજાં કેટલાંક પુસ્તકોની પણ મેં તૈયારી કરી રાખી છે પણ એ વિશે આજે હું કંઈ કહી શકું એવી સ્વસ્થ સ્થિતિમાં નથી.

શ્રી. યશોવિજય જૈન ગ્રંથમાળા મારાં પુસ્તકો તૈયાર થતાં પ્રગટ કરવાને ઉત્સાહિત રહ્યા કરે છે એ મારી સાહિત્યપ્રવૃત્તિને પ્રેરણારૂપ છે. પણ હવે જાણે થાક લાગ્યો હોય એવો અનુભવ થઈ રહ્યો છે. છતાં યથાશક્તિ આ પવિત્ર લેખનપ્રવૃત્તિ ચાલુ રાખીશ એવી આશા આપું છું, એમાં મારા માટે એવડો લાગ છે.

મુનિ વિશાળવિજય



શેરિસા પાર્શ્વનાથ ભગવાન

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | શ્રી. સેરિસા તીર્થ | ૧ |
| ૨. | શ્રી. ભોયણી તીર્થ | ૩૪ |
| ૩. | શ્રી. પાનસર તીર્થ | ૫૨ |
| ૪. | શ્રી. વામજ તીર્થ | ૫૬ |
| ૫. | શ્રી. ઉપરિયાળા તીર્થ | ૫૯ |
| ૬. | શ્રી. વડગામ તીર્થ | ૬૩ |

આધ્યાત્મિક યોગનિષ્ઠ શાંતમૂર્તિ સન્મિત્ર
પૂ. પા. શ્રી. કર્પૂરવિજયજી મહારાજશ્રીના પટ્ટશિષ્ય
પરમવૈરાગી શુદ્ધ બ્રહ્મચારી શ્રી. પુણ્યવિજયજી
મહારાજશ્રીના શિષ્યરત્ન પરમતપસ્વી
બાળબ્રહ્મચારી પંન્યાસજી
મહારાજ શ્રી મનોહરવિજયજી મહારાજશ્રીનો
જીવનદીપ

(સ્વાધ્યાય)

તપસ્વી એક આવ્યા, ભક્તિ ભરી ભરી લાવ્યા,
'મનોહરવિજયજી' જેમનું નામ રે,
જેણે જ્યોતિ જગાવી, ભક્તિદીપ પેટાવી,
તપથી કાયા રે દમી જીત્યો કામ રે....તપ૦ ૧

પાલીતાણાના "માળીયા" ગામે રહે ગૃહસ્થી 'રૂખડ' નામે,
તેને 'અપૃત' નામે નારી, સેવા-ધર્મ-ભક્તિના પૂજારી;
તેના પુણ્યબળે ભક્ત જન્મ ધરે,
આજે 'મનોહરવિજયજી' જેનું નામ રે....તપ૦ ૨

જન્મ ધર્યો ચક્રીકુળમાં, તોયે ધર્મ ગ્રહ્યા જિનવરના,
વળી દીક્ષા લીધી બચપણમાં, કાયા શેકી છે તપના રણમાં;
કરવા ભક્તિનાં કામ, છોડચા ઘરનાં એ ધામ,
વિહર્યા ત્યાગને પંથે સુજાણ રે....તપ૦ ૩

તપસ્યામાં વિખ્યાત મુનિજી, પૂજ્યપાદ શ્રી કર્પૂરવિજયજી,
જેના શિષ્ય શ્રી પુણ્યવિજયજી, તેના શિષ્ય મનોહરવિજયજી;
જેવા દાદા ગુરુજી, તેવા થયા મુનિજી,
જેણે દિપાવ્યું ગુરુજીનું નામ રે....તપ૦ ૪

બાળપણાથી બ્રહ્મચર્ય પાળે કઠીન તપમાંહે જીવન ગાળે,
તપ કરીને કર્મો સર્વ બાળે, આખા કુળને એ ઉજવાળે;
જેમ કાદવે કમલ, તેમ મુનિ રહે અમલ,
જેણે ભક્તિ વરી છે નિષ્કામ રે....તપ૦ ૫

આઠ માસખમણ પૂરાં કીધાં, ચઉવિહારે સિદ્ધિ તપાદિક લીધાં,
સોળ ઉપવાસ ચૌદવાર કીધા, જેણે ભક્તિ અમીરસ પીધાં;
બાવન અઠ્ઠાઈ કીધી, આરાધના તપ યથાવિધિ,
અઠ્ઠમ ઉપવાસનો નહિ પાર રે....તપ૦ ૬

ક્ષીરસમુદ્ર તપ ત્રણ વાર, કર્મસૂદન તપ નવ ધાર,
પિસ્તાલીસ આગમ ઉદાર, આંબેલથી આરાધના સાર;
ક્રિયા વિધિની સાથે નવાણુમી ઓળી આરાધી રે....તપ૦ ૭

જૂનાગઢના શ્રાવક સદ્ભાગી, ભાવનગર થયું ગુણરાગી,
શ્રદ્ધા ભાવે હૃદયે ભક્તિ જાગી, જાતા ભવનાં દુઃખડાં ભાંગી;
'પથિક' પ્રણમીને કહે તો, ચરણે શીશ મૂકી દેતો,
મુને ! પાર ઉતારો મારી નાવ રે....તપ૦ ૮

રચયિતા : મુનિભક્ત ગુણવંતરાય પંડયા

: દુહો :

ધન્ય શાસન એ વીરનું, તપ તપતા મુનિરાય;
ચંપક સાગર ભક્તિ રસે, ભાવના તપની ભવાય.

●

# આર્થિક સહાયકો

પુસ્તક પ્રકાશન અંગે સહાનુભૂતિ દર્શાવી પૂ. પા. આધ્યાત્મિક યોગનિષ્ઠ સન્મિત્ર શ્રી. કર્પૂરવિજયજી મહારાજશ્રીના પ્રશિષ્ય તપસ્વી બાળબ્રહ્મચારી પંન્યાસજી મહારાજ શ્રી. મનોહરવિજયજી મહારાજશ્રીના સદુપદેશથી આ પુસ્તક અંગે નીચેની રકમની સહાયતા મળી છે. સહાયતા કરનાર મહાનુભાવોની ગ્રંથમાળા સાભાર નોંધ લે છે.

૧૨૫) રાજપુર (ડીસા) શ્રાવિકા બહેનોના ઉપાશ્રય તરફથી.
હ. સાડેસા. ચીમનલાલ રતનચંદ.
૩૦) ભાવનગરનિવાસી એક સદ્‌ગૃહસ્થ તરફથી.
૨૫) પાલીતાણા મહુવાબંદર જ્ઞાનખાતા તરફથી.
૧૧) ભાવનગરના એક સદ્‌ગૃહસ્થ તરફથી.
૧૦) ભાવનગરના એક સદ્‌ગૃહસ્થ તરફથી.
૧૨૫) શિહોરવાળા ભાવનગરનિવાસી સલોત ચુનીલાલ રતિલાલનાં અખંડસૌભાગ્યવંતાં ધર્મપત્ની જસુમતી બાલચંદ તરફથી.

ભાવનગરમાં શ્રી. ગોડીજી પાર્શ્વનાથના મંદિરમાં બિરાજમાન

## સેરિસા પાર્શ્વનાથ ભ૦ની પ્રતીકમૂર્તિ



સેરિસા પાર્શ્વનાથ ભ૦ના ઉપાસક ભક્તિપરાયણ શિહોરવાળા ભાવનગરનિવાસી **સલોત ચૂનીલાલ રતિલાલભાઈએ** આ આરસનું બિંબ ભરાવી, પ્રતિષ્ઠિત કરી, તેની પૂજા-ઉપાસના નિરંતર સહકુટુંબ કરે છે.

ॐ ह्रीँ श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ।

# श्री. सेरिसा तीर्थ

## ઉત્થાન અને પતન

**ગૂજરાતમાં** અમદાવાદની નજીક આવેલું સેરિસા જૈનોનું પ્રાચીન ભવ્ય અને રમણીય તીર્થ સ્થળ છે. પ્રાયઃ પ્રત્યેક પ્રાચીન નગર કે તીર્થની પાછળ એનો ગૌરવભર્યો ઇતિહાસ છુપાયેલો હોય છે. સેરિસા તીર્થનો ઇતિહાસ એના ઉન્નત નગરપણાનો ખ્યાલ આપે એવો છે. વાચકોને એનો પરિચય કરાવવો, ભક્તોના હૃદયમાં તીર્થ પ્રતિ રહેલા શ્રદ્ધાના બળને ઉત્તેજિત કરવું અને તીર્થનો મહિમા ગાવો એ જ અમારો અહીં ઉદ્દેશ છે.

વર્તમાનમાં અમદાવાદથી ઉત્તર–પશ્ચિમ દિશાના ખૂણામાં સેરિસા નામે નાનકડું ગામ વસેલું છે. અમદાવાદથી ૧૫ માઈલ દૂર આવેલા કલોલ સ્ટેશનથી પાંચ માઈલ દૂર છે.

આ ગામને જોતાં તે એક વિશાળ નગરીરૂપે હશે તેનો ભાગ્યે જ ખ્યાલ આવે પણ ઇતિહાસના થરો ઊકેલીએ તો સેરિસા કોઈ નગરની એક નાની શેરી–મહોલ્લો હતો, પરન્તુ વિકરાળ કાળે વીંઝેલા સોટાના સોળ એની પીઠ ઉપર પડેલા ઉકેલી શકાય છે. મતલબ કે એ નગર કાળના ગર્તામાં ક્યારે દટાઈ ગયું અને એ પ્રાચીન નગરનું નામ શું હશે એ

જાણવાનું મુશ્કેલ છે. કેટલાક એ પ્રાચીન નગરનું નામ સોનપુર હોવાનું જણાવે છે પરન્તુ એને માટે કોઈ પુરાવો મળતો નથી.

મહાકવિ ધનપાલે 'સત્યપુરીય-મહાવીરોત્સાહ'માં જણાવ્યું છે તેમ, મહમ્મદ ગિજનીએ સૌ પ્રથમ સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ સોમનાથ તીર્થનો ધ્વંસ કર્યો અને ત્યાર પછી સાચોર અને બીજાં જિનમંદિરોનો ભયંકર વિનાશ કર્યો અને કેટલાંય મંદિરો મસ્જિદોના રૂપમાં પરિણત થઈ ગયાં. એ જ સમયે આ સેરિસાનો પણ ધ્વંસ થયો લાગે છે.

ગમે તેમ પરન્તુ આગળ જણાવીશું તે પુરાવાઓથી એ વાત તો સિદ્ધ થાય છે કે બારમીથી લઇને સોળમી શતાબ્દી સુધી આ તીર્થ પોતાની પૂરી જાહોજલાલીમાં હતું. અનેક સંઘો અને યાત્રાળુઓ અહીં મોટા પ્રમાણમાં યાત્રાએ આવતા.

સોળમી શતાબ્દીમા થયેલા કવિવર લાવણ્યસમય પ્રત્યક્ષ જોયેલી હકીકતનું વર્ણન કરતાં લખે છે—

'પોસ કલ્યાણક દસમી દીહાડ એ,
મહિયલ મહિમા પાસ દેખાડ એ.

દેખાડ એ પ્રભુ પાસ મહિમા, સંઘ આવે ઊલટયા,
ધ્વજ પૂજ મંગલ આરતી, તેણિ પાપ પૂર સવે ઘટયા,
સંવત પન્નર બાસઠેં, પ્રાસાદ સેરિસા તણી;
લાવણ્યસમય સો આદિ બોલે, નમો જિન ત્રિભુવન ધણી."

સં૦ ૧૫૬૨માં કવિવર લાવણ્યસમય અહીં પધારેલા અને તેમણે અહીં રહેલા પાર્શ્વનાથ ભગવાનનો મહિમા

પ્રત્યક્ષ જોયેલો.

સોળમી શતાબ્દી પછી એવી જ કોઈ આફતને કારણે અહીંની મૂર્તિઓ જમીનમાં ભંડારી દેવામાં આવેલી હોય, અને તે પછી આ તીર્થનો મહિમા પણ ઘટતો ગયો હોય એમ લાગે છે.

## સેરિસા તીર્થની ઉત્પત્તિ અને સ્થાપના

પ્રાયઃ કોઈ પણ જૈન તીર્થના ઇતિહાસના ઊંડાણમાં ઊતરીએ અને એનું મૂળ શોધીએ છીએ ત્યારે એ મૂળ સાથે એવી વિસ્મયોત્પાદક ઘટના બની હોય છે કે જે શ્રદ્ધાળુઓના મનમાં આનંદ ઉત્પન્ન કરે છે અને બુદ્ધિજીવીઓના મનમાં એક જાતનો ખળભળાટ મચાવી મૂકે છે. આ સેરિસા તીર્થના મૂળમાં પણ એક એવી અજબ ઘટનાએ ભાગ ભજવ્યો છે.

સેરિસા તીર્થની ઉત્પત્તિ સંબંધી લંબાણથી વિવેચન કરતું સં૦ ૧૫૬૨માં કવિવર શ્રી. લાવણ્યસમયે રચેલું સ્તવન સ્વ૦ પરમપૂજ્ય શાન્તમૂર્તિ મુનિરાજ શ્રી. જયન્તવિજયજી મહારાજને પ્રાપ્ત થયેલું જે તેમણે 'જૈન સત્ય પ્રકાશ' (ના વર્ષ ૪, ક્રમાંક ૩૯, અંક ૩, પૃ૦ ૨૧૯)માં પ્રગટ કરાવેલું. તે અમે આખું આ પુસ્તિકાના અંતમાં અર્થ સહિત આપેલું છે. તેમાં આ તીર્થની ઉત્પત્તિ સંબંધી લખે છે કે—

"એ નગર મોટું એક ખોટું,
મહીં જિનપ્રાસાદ એ."

એક વખત વિદ્યાસાગર નામના કોઈ જૈનાચાર્ય પોતાના પાંચસો શિષ્યો સાથે વિહાર કરતા કરતા અહીં (સેરિસા) પધાર્યા. તેઓ મોટા માંત્રિક હતા. સંઘ સામે કોઈ મોટી આપત્તિ આવી પડે તેને દૂર કરવા માટે જ તેઓ મંત્રનો પ્રયોગ કરતા. એવા કેટલાક મંત્રોની પોથી તેઓ પોતાની પાસે રાખતા હતા. તેમના બે શિષ્યોને એ પોથી જોવાનું કુતૂહલ થયું. તે શિષ્યોએ રાત્રે એકાન્તનો લાભ લઈ એ પોથી ખોલી અને તેમાં રહેલા મંત્રનો પાઠ કરતાં તત્કાળ બાવન વીરો હાજર થયા. તેમણે કહ્યું કે, 'અમને શા માટે બોલાવ્યા છે, જે કોઈ કામ હોય તે કહો.' તે વખતે ચેલાઓએ કહ્યું કે, 'આ નગર બહુ મોટું છે પરન્તુ અહીં જિનપ્રાસાદ નથી. આ ખામી દૂર કરવા માટે તમે કાંતિપુર (અયોધ્યા) જઈને પરમાત્માનું મંદિર લઈ આવો.' બાવન વીરોએ કહ્યું કે, 'જ્યાં સુધી કુકડાનો અવાજ ન થાય ત્યાં સુધી અમે કાર્ય કરીશું અને કુકડાનો અવાજ થતાં પરોઢિયું થશે કે તરત અમે ચાલ્યા જઈશું.' એમ કહી તેઓ વેગથી ઊપડ્યા અને કાંતિપુર ગયા. તેઓ રંગમંડપ સહિત આખો જિનપ્રાસાદ આકાશ માર્ગે ઉપાડી લાવી રહ્યા હતા એટલામાં ગુરુમહારાજ જાગી ગયા અને તેમણે ઉપયોગ મૂકીને આ બનતી ઘટના જોઈ. તરત ચક્રેશ્વરી દેવીને યાદ કરી. ચક્રેશ્વરીએ આવીને કહ્યું કે, 'આ ઠીક નથી થતું. અહીં મ્લેચ્છોનો મોટો ઉપદ્રવ થશે અને ધર્મસ્થાનોનો ધ્વંસ થશે' તેથી ચક્રેશ્વરીએ કપટથી કુકડાનો અવાજ કર્યો અને બાવન વીરો જિનપ્રાસાદ અને બિંબો એકી સાથે લાવી

રહ્યા હતા તે જમીન ઉપર મૂકીને ચાલતા થયા.

આ પ્રમાણે આ તીર્થની ઉત્પત્તિ થઈ.

કવિવર આગળ લખે છે કે, ઘણી મહેનત કરવા છતાં તે મૂર્તિ પોતાના મૂળ સ્થાનથી જરા પણ ચસકી નહીં તેથી સંઘ અત્યંત ઉદાસ બની ગયો.

કેટલાક દિવસ ગયા પછી ત્યાં કોઈ બીજા ગુરુ (દેવેન્દ્રસૂરિ) આવ્યા. તેમણે અન્ય મંત્રની સાધના કરી તેથી ધરણેન્દ્ર સાક્ષાત્ હાજર થયો અને તે બીજી પાર્શ્વનાથની પ્રતિમા લઈ આવ્યો. કવિવર આગળ લખે છે કે :—

'થાપી પ્રતિમા પાસની લોડે એ;
પાસ પાયાલે જાવા ડોલે એ.

ડોલે એ પ્રતિમા નાગપૂજા, નવિ રહું હું તે વિના;
લખ લોક દેખે સહુ પેખે, નામ લોડણ થાપના;
સો રયણિ દીહે દેખી બીહે, મંત્રબલી ગુરુ થિર કરી,
એ નવણપાણી વિવર જાણી, બાલ ગયો તવ વિસરી.

અંતર એવડો સેરી સાંકડી;
નયરી કહંતી સેરીસા—કડી.'

ગુરુમહારાજે તે પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિની સ્થાપના કરી અને તે વખતે તે પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પાતાલમાં જવા માટે ડોલવા લાગી 'હું નાગકુમાર દેવોની પૂજા વગર અહીં નહીં રહું' એમ કહેતી જાણે ડોલતી હોય તેમ લાખો લોકોએ જોઈ. તે માંત્રિક ગુરુએ મંત્રના બળથી તેને સ્થિર કરી દીધી ત્યારથી એનું નામ 'લોડણ

પાર્શ્વનાથ ' પડી ગયું. તે વખતે અનેક ભક્તોએ કરેલા અભિષેકના ન્હવણના પાણીનો પ્રવાહ એટલો મોટો થયો કે તેના ખાળનું બાકોરું નાનકડું પડવાથી તે પાણી ખાળ ઉપર થઈને આખી શેરીમાં ફરી વળ્યું. બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી એવી તે નગરીની આ પાર્શ્વનાથ ભગવાનના મંદિરવાળી શેરી ઘણા માણસોના મુખથી શેરી સાંકડી શેરીસા—કડી ( કડી પાસેનું સેરિસા ) એવા શબ્દો નીકળવા લાગ્યા અને ત્યારથી એ સ્થાનનું નામ ' શેરિસા ' પ્રસિદ્ધ થઈ ગયું જે આજ સુધી ચાલુ છે.

આ પ્રમાણે સેરીસા નગરમાં નવાંગવૃત્તિકાર શ્રી. અભયદેવસૂરિ મહારાજની શાખામાં થયેલા શ્રી. ધનેશ્વરસૂરિના શિષ્ય શ્રી. દેવેન્દ્રસૂરિ મહારાજે બારમી સદીમાં તીર્થની સ્થાપના કરી હતી, તે સંબંધે સં૦ ૧૩૮૯ માં રચાયેલા ' વિવિધ-તીર્થકલ્પ ' માં સેરિસામાં જિનપ્રતિમાઓ કેવી રીતે આવી તેની ઘટના નીચે પ્રમાણે વર્ણવેલ છે:—

"સેરિસા નગરમાં નવાંગવૃત્તિકાર શ્રી. અભયદેવસૂરિજી મહારાજની શાખામાં થયેલા શ્રી. દેવેન્દ્રસૂરિજી ચાર બિંબો દિવ્યશક્તિથી આકાશમાર્ગે લાવ્યા હતા.

જેમણે ધરણેન્દ્ર અને પદ્માવતી આરાધેલાં છે એવા છત્રપાલીય શ્રી. દેવેન્દ્રસૂરિ મહારાજ વિહાર કરતા કરતા એક વખતે સેરિસા નગર પધાર્યા અને ત્યાં ઉત્કટિકાસને કાઉસ્સગ્ગ કરવા લાગ્યા. આ પ્રમાણે વારંવાર કાઉસ્સગ્ગ કર-

૧. આ આખો મૂળ કલ્પ પાછળ આપેલ છે. જૂઓ પરિશિષ્ટ નં. ૨.

વાથી શ્રાવકોએ પૂછ્યું કે, "હે ભગવન્! આપ આવી રીતે વારંવાર કાઉસ્સગ્ગ કેમ કરો છો? આમાં શું વિશેષતા છે?"

સૂરિજીએ કહ્યું કે, "અહીં એક સુંદર પાષાણની ફલહી–પટ્ટશિલા છે. તેમાંથી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા કરાવવાથી તે પ્રતિમા અતિશય પ્રભાવવાળી થશે."

શ્રાવકોના અનુરોધથી આચાર્યશ્રીએ પદ્માવતી દેવીને આરાધવા અઠ્ઠમનો તપ કર્યો. દેવી હાજર થઈ અને તેણે કહ્યું કે, "સોપારક નગરમાં એક આંધળો શિલ્પી રહે છે. તે આવીને અઠ્ઠમ તપ કરીને પ્રતિમાજી ઘડવાનું કાર્ય શરૂ કરે અને સૂર્યાસ્ત પછીથી લઈને સૂર્યોદય પહેલાં તે પ્રતિમાજીને બનાવે તો તે મહાપ્રભાવિક થશે." શ્રાવકોએ સોપારક નગરના એ સૂત્રધારને બોલાવવા માણસ મોકલ્યો. સૂત્રધાર આવ્યો અને દેવીના કહેવા પ્રમાણે મૂર્તિ ઘડવા લાગ્યો. ધરણેન્દ્ર સહિત પાર્શ્વનાથની પ્રતિમા તૈયાર થઈ. પ્રતિમાજી ઘડતાં છાતીમાં એક મસો દેખાવા લાગ્યો તેની ઉપેક્ષા કરીને સૂત્રધારે બાકીનું કામ ચાલુ રાખ્યું. ફરીથી બધું ઠીક કરતાં મસો દેખાયો. તેને દૂર કરવા તેના ઉપર તેણે ટાંકણો માર્યો તેથી પ્રતિમાજીમાંથી લોહી જેવો પ્રવાહ વહેવા લાગ્યો. સૂરિજીએ આ જોઈને તેને કહ્યું કે, આ તેં શું કર્યું? આ મસાથી તો પ્રતિમાજી મહાપ્રાભાવિક બનશે તે મસાને અંગૂઠાથી દાબી દઈને લોહી બંધ કર્યું. આ પ્રમાણે આ પ્રતિમાજી તૈયાર થયાં. પછી બીજા પથ્થરો

મંગાવી બીજાં ૨૪ જિનબિંબો તૈયાર કરાવ્યાં. દિવ્યશક્તિથી અયોધ્યાથી ત્રણ મોટાં બિંબો રાત્રિમાં આકાશમાર્ગે મંગાવ્યાં. ચોથું બિંબ લાવતાં રાત્રિ વ્યતીત થઈ ગઈ તેથી એ જિનબિંબ ધારાસણ ગામના ખેતરમાં સ્થાપિત કર્યું. ચોથું બિંબ ચૌલુક્યચક્રવર્તી રાજા કુમારપાલે કરાવીને સ્થાપન કર્યું. આ પ્રમાણે શ્રી. જિનપ્રભસૂરિજી પ્રત્યક્ષ જોયેલી હકીકતનું વર્ણન કરતાં લખે છે કે, 'સેરિસામાં મહાપ્રાભાવિક પાર્શ્વનાથ ભગવાન આજે પણ સંઘ દ્વારા પૂજાય છે. મ્લેચ્છો પણ આ તીર્થ ઉપર ઉપદ્રવ કરવાને સમર્થ થતા નથી. આ પ્રતિમાજી જલદીથી બનાવેલ હોવાથી—એક રાત્રિમાં જ તૈયાર કરેલ હોવાથી પ્રતિમાજીનાં અવયવો બરાબર લાવણ્યયુક્ત દેખાતાં નથી. તે ગામના મંદિરમાં આજે પણ આ પ્રતિમા પૂજાય છે.

—વિવિધતીર્થકલ્પ પૃ૦ ૨૪–૨૫

સં૦ ૧૩૯૨માં શ્રી કક્કસૂરિએ રચેલા 'નાભિનન્દનજિનોદ્ધારપ્રબન્ધ'માં પાટણનિવાસી શ્રી. દેશલશાહ તથા તેનો પુત્ર શ્રી. સમરસિંહ સંઘ સહિત સેરિસા યાત્રા માટે આવ્યા હતા, તેને લગતું વર્ણન કરેલું છે તે નીચે મુજબ છે.—

"સંઘપતિ શ્રી. દેશલનો સંઘ નિરંતર પ્રયાણ કરતો કરતો સેરિસા તીર્થ જઈ પહોંચ્યો. અહીં શ્રી. પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ઊંચી બેઠક પર બિરાજમાન છે. આ કલિયુગમાં પણ ધરણેન્દ્ર તેમના ચરણની સેવા કરી રહ્યો છે. પૂર્વે દેવની આજ્ઞાથી એક શિલ્પીએ આંખે પાટા બાંધીને

માત્ર એક જ રાત્રિમાં આ મૂર્તિને બનાવી હતી. વળી, નાગેન્દ્રગચ્છના અધીશ્વર શ્રીમાન્ દેવેન્દ્રસૂરિ મહારાજે પોતાની મંત્રશક્તિથી સર્વ અભીષ્ટ સામગ્રી મેળવીને તેમની પ્રતિષ્ઠા કરી હતી. તે ઉપરાંત શ્રીદેવેન્દ્રસૂરિ સમ્મેતશિખર પર્વત ઉપરથી પોતાની મંત્રશક્તિ વડે વીશ તીર્થનાયકોની પ્રતિમાઓ લાવ્યા હતા, તેમાનાં ત્રણ બિંબો કાંતિપુરી (અયોધ્યા)માં રહેલાં છે. તે ત્રણ બિંબોની અહીં તેમણે સ્થાપના કરી તે જ દિવસથી આરંભીને દેવેન્દ્રસૂરિએ ઉત્તમ તીર્થની અહીં સ્થાપના કરી. આ તીર્થ દેવના પ્રભાવને લીધે મનુષ્યોના સર્વ મનોવાંછિત પૂર્ણ કરે છે. સાધુ દેશલે એ તીર્થમાં સ્નાત્રમહાપૂજા, મહોત્સવ તથા મહાધ્વજા આદિ સર્વ ધર્મકાર્યો કર્યાં અને તેની આરતી ઉતારી હતી. સમરસિંહે ગવૈયાઓને તથા સ્તુતિપાઠકોને સુવર્ણના અલંકારો અને વસ્ત્રો અર્પણ કર્યાં હતાં. તે પછી અઠ્ઠાઈમહોત્સવ કરી દેશલે સંઘ સાથે આગળ પ્રયાણ કર્યું હતું.

સં૦ ૧૫૧૯માં શ્રી. રત્નમંડનગણિએ રચેલ 'ઉપદેશ–તરંગિણી'માં પણ આ વાતનું આ પ્રમાણે સમર્થન કર્યું છે.—

"तथा सेरीसकतीर्थे देवचन्द्रक्षुल्लकेनाराधितचक्रेश्वरीदत्तसर्वकार्यसिद्धिकरणत्रिभूमिमयगुरुचतुर्विंशतिकायोत्सर्गिश्रीपार्श्वनाथादिप्रतिमासुन्दरः प्रासादः एकरात्रिमध्ये कृतः तत्तीर्थं कलिकालेऽपि निस्तुलप्रभावं दृश्यते ।"

— उपदेशतरङ्गिणी, पृ० ५

—દેવચંદ્ર નામના ક્ષુલ્લકે ચક્રેશ્વરી દેવીનું આરાધન કર્યું હતું. તેથી પ્રસન્ન થઈને દેવીએ સર્વકાર્યોની સિદ્ધિનું

વરદાન આપ્યું હતું, જેથી ત્રણ ભૂમિવાળું એક અત્યંત સુંદર જિનાલય એક રાત્રિમાં જ બનાવ્યું હતું. તેમ શ્રી. પાર્શ્વનાથ ભગવાન વગેરે ચોવીશે જિનેશ્વરોની કાયોત્સર્ગ ધ્યાનમાં રહેલી પ્રતિમાઓને સ્થાપન કરી હતી. કલિકાલમાં પણ આ તીર્થનો મહિમા અનુપમ દેખાય છે,

'ઉપદેશસાર–સટીક'માં તીર્થ સંબંધી નિમ્નલિખિત ઉલ્લેખ મળે છે, જે ઉપરની વાત ને જ પુષ્ટિ આપનારો છે.

" तथा सेरीसकतीर्थे देवेन्द्रक्षुल्लेनाराधितचक्रेश्वरीदत्तवरकार्यसिद्धिकरणप्रसादात् त्रिभूमिमयप्रौढचतुर्विंशतिकायोत्सर्गिश्रीपार्श्वादिप्रतिमासुन्दरः प्रासादः एकरात्रिमध्ये दक्षिणदेशमध्यागतजैनकान्तितः आनीय कृतः तत्तीर्थं कलिकालेऽपि महामहिमगेहं सर्वोपद्रवहरं च दृश्यते ।

—उपदेशसार–सटीक, पृ० ३९

—દેવેન્દ્ર નામના સાધુએ ચક્રેશ્વરી દેવીનું આરાધન કર્યું તેથી તે દેવીએ પ્રસન્ન થઈને ઉત્તમ કાર્યોની સિદ્ધિનું વરદાન આપ્યું. તેના પ્રભાવથી તેમણે ત્રણ ભૂમિવાળું એક અત્યંત સુંદર જિનાલય એક રાત્રિમાં જ બનાવ્યું અને પાર્શ્વનાથ વગેરે ચોવીસે તીર્થંકરોની કાર્યોત્સર્ગ ધ્યાનમાં રહેલી પ્રતિમાઓને દક્ષિણ દેશમાં રહેલા જૈન કાન્તિપુરથી લાવીને આ સેરિસા તીર્થની સ્થાપના કરી હતી. આ સેરિસા તીર્થ આ કલિકાલમાં પણ અતુલ પ્રભાવવાળું છે સર્વ ઉપદ્રવોને હરણ કરનારું છે.

ચૌદમી શતાબ્દીમાં થયેલા શ્રી. જિનપ્રભસૂરિએ રચેલા 'તીર્થયાત્રાસ્તોત્ર'માં લખ્યું છે કે—

" सेरिसयपुरतिलयं पासजिणमणेयबिंबपरियरियं ।"

—સેરિસા નગરના તિલક સમાન શ્રી. પાર્શ્વનાથ ભગવાન અનેક બિંબોથી યુક્ત છે.

તે જ પ્રમાણે ચૌદમા સૈકામાં થયેલા શ્રી. વિનયપ્રભ ઉપાધ્યાય પોતાના 'તીર્થયાત્રાસ્તવન'માં નજરે જોયેલી હકીકતનું વર્ણન કરતાં લખે છે—

" लोडणु ए पासु पणमेसु, सेरीसे पहो सिद्धिकरो । "

સેરિસામાં રહેલા શ્રી. લોડણ પાર્શ્વનાથને હું પ્રણામ કરું છું. હે પાર્શ્વનાથ ! તમે સિદ્ધિ કરનારા થાઓ.

—'જૈન સત્યપ્રકાશ' વર્ષ ૧૭, અંક ૧, ક્રમાંક ૧૯૩

૧૫મી શતાબ્દીમાં થયેલા શ્રી. મુનિપ્રભસૂરિએ રચેલી 'અષ્ટોત્તરી તીર્થમાળા'માં નીચેનો ઉલ્લેખ મળે છે—

' संखेसरि सेरिसे लोडणु ।'

ચૌદમી શતાબ્દીમાં થયેલ શ્રી. જિનતિલકસૂરિએ 'તીર્થમાળા'માં મૂળનાયકનું વર્ણન કરતાં લખ્યું છે કે—

' सेरीसे पास छे उड्डकाय । '

સેરિસામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ઊર્ધ્વકાય-ભવ્ય શરીરવાળી શોભે છે.

શ્રી. જિનહર્ષગણિ 'શ્રીવસ્તુપાલચરિત્ર'ના સાતમા સર્ગમાં લખે છે કે—

'ततो वर्जन् प्रजातङ्कं प्रतिहर्ता सतां मतः ।
श्रेयोऽर्थी श्रेयसां मूलं सश्रीपार्श्वजिनेश्वरम् ॥२६॥

साक्षान्नागेन्द्रसंसेव्यं सेवकाभीष्टदायकम् ।
पुरं सेरीसकं प्राप्य पुपूज प्रौढपूजया ॥२७॥

तच्चैत्ये काञ्चनं कुम्भं न्यधान्मन्त्री कृतोत्सवम् ।
चतुष्किकाचतुष्कं च धर्मशालां पुनः मन्त्री ॥२८॥

व्यधात् तत्र जिनाधीशपूजार्थं वाटिकां नवाम् ।
वापीप्रपायुतं सत्रागारं च विदधे सुधीः ॥२९॥

धर्मार्थी तत्र निर्माय द्रम्मलक्षव्ययं पुरम् ।'

ત્યાર પછી વસ્તુપાલ આગળ ચાલતાં ચાલતાં સેરિસક-પુર ( સેરીસા–મહાતીર્થ )માં આવ્યા. સાક્ષાત્ નાગેન્દ્રથી સેવ્યમાન અને સેવકોને અભીષ્ટ આપનાર એવા પાર્શ્વનાથ પ્રભુની પ્રૌઢ સામગ્રી સહિત પૂજા કરી. વસ્તુપાલ મંત્રીએ તે ચૈત્ય ઉપર ઉત્સવપૂર્વક સુવર્ણકુંભ સ્થાપન કર્યો તેમજ ચાર ચોકીઓ અને ધર્મશાલા કરાવી. વળી, જિનપૂજા નિમિત્તે સુજ્ઞ મંત્રીએ વાવડી સહિત સુંદર વાટિકા આપી. પરબ યુક્ત દાનશાળા પણ ખોલાવી અને ત્યાં ધર્મની પ્રભાવના નિમિત્તે એક લાખ દ્રમ્મનો વ્યય કર્યો.

પંદરમી શતાબ્દીમાં રચાયેલી એક 'તીર્થમાળા'માં સેરિસાને શાશ્વતા તીર્થ તરીકે વર્ણવેલ છે:

'संक्खेसरि सेरिसे तारणि पंचासरि चारुपी आरासणी ॥'

—પ્રાચીન જૈન તીર્થમાળા ભાગ ૧, પૃ. ૧૪૪, કડી ૨૦

પ્રકા૦ યશોવિજય જૈન ગ્રંથમાળા

'વસ્તુપાલ મંત્રીએ વિ. સં. ૧૨૮૫ (૮૧) સેરિસામાં નેમનાથ અને મહાવીરના બે ગોખલાઓ કરાવ્યા હતા.'

આજ વાત શ્રી. જિનહર્ષગણિએ 'શ્રીવસ્તુપાલ-ચરિત્ર'માં નીચે પ્રમાણે લખી છે—

'सेरीसापार्श्वभवने खत्तके नेमि-वीरयोः ।
मल्लदेव-पूर्णसिंहपुण्यायायमकारयत् ॥६५९॥

—वस्तुपालचरित्र, प्रस्ताव ८, पृ० १३४

પોતાના ભાઈ મલ્લદેવ તથા મલ્લદેવના પુત્ર પૂર્ણસિંહના કલ્યાણ માટે શ્રી. નેમનાથ ભ૦ તથા શ્રી. મહાવીર ભ૦ ના બે ગોખલા કરાવ્યા હતા.

'પુરાતનપ્રબન્ધસંગ્રહ'માં પણ સેરિસા તીર્થનો ઉલ્લેખ આવે છેઃ—

'अथ श्रीदेवेन्द्रसूरिभिः श्रीसेरीसके तीर्थे निर्म्मिते कान्तितः आकृष्टि-विद्यया महाबिम्बानि समानीतानि । मनसि इति चिन्ता जाता—श्रीपत्तनं सेरीसकं च एकमेव विधास्यामि । अत्रान्तरे गाजणपतिनृपते-रुपरि कटकं विधाय श्रीकुमारपालदेवः श्रीप्रभुभिः सह तत्रागतः ।'

—पुरातनप्रबन्धसंग्रह, पृ० ४७

'केचिदाचार्याः अतीतविद्वांसः कर्मयोगात् कुष्ठिनो जाताः । तत

औषधोपचारैरपि रोगमनिवर्तमानं वीक्ष्य श्रीसेरीसके यात्रायां यात्वा देवाग्रे त्रिविधाहारप्रत्याख्यानं विधायोपविष्टा।'

—पुरातनप्रबन्धसंग्रह, पृ० ११४

વળી, સં૦ ૧૭૪૬માં રચાયેલી 'તીર્થમાળા'માં લખ્યું છે કેઃ–

'સેરીસે લોઢણ જિનપાસ, સંખીસરી પૂરિ આસ;
જૈનકાંતિથી આણી દેવ, મંત્રબલી ચેલાની સેવ.'

—તીર્થમાળા ભાગ ૧ પૃ. ૧૨૫, કડી ૧૫૮

તેમજ સં૦ ૧૭૭૫માં રચાયેલી એક 'તીર્થમાળા'માં લખ્યું છે કેઃ—

'ભવિયણકે ભવિયણ સેરિસે સામલો.'

—જયસાગર કૃત તીર્થમાળા, જૂઓ 'જૈન સત્યપ્રકાશ' વર્ષ ૨૨, અંક ૮, ક્રમાંક ૨૬૦

તેમજ—

'ઘૃતકલ્લોલ સંખેસરુ એમ, સેરિસઈ સરિઆ કાજ.'

—૧૭મી સદીની અપ્રગટ 'તીર્થમાળા' લક્ષ્મીકુલના શિષ્ય શ્રીજયકુલ કૃત, જૂઓ જૈન સત્યપ્રકાશ વર્ષ ૮, અંક ૬–૭, ક્રમાંક ૯૦–૯૧, પૃ૦ ૧૯૧, કડી ૮૩

'જૈન ગુર્જર કવિઓ' ભા. ૩, ખંડ ૧, પૃ. ૮૭૩ ઉપર વિ૦ સં૦ ૧૭૦૦ની આસપાસ થયેલા ઉપા૦ શ્રી. સમયસુંદરગણિ આ તીર્થ વિષે લખે છે કે—

'સમયસુંદર કહઈ જિમ વિસ્તરઉ,
સેરિસામંડન પાર્શ્વનાથ ભગવાન,
સકલ મૂરતિ સેરિસઈ, પોષ દશમિ,
પારસનાથ ભટેવઉ દેવ, નામી દેહરઉ દીસઈ. ૧

પ્રતિમા લોડતિ જાઈ, પાતાલઈ ધરણિ આઉ ધિરઈ સીસઈ,
ભાવ ભગતી ભગવંતની કરતાં, હરખ ઘણુઇ હીયડઈ હીસઈ;
પટણી પારિખ સૂરજી સંઘસું, જાત્રા કરી ભલી સુજગીસઈ,
સમયસુંદર કહઈ સાચઉ, મઈ જાણ્યઉ વીતરાગ વીસા વીસે.'

મહામંત્રી વસ્તુપાલે આ તીર્થને મહાતીર્થની ઉપમા આપી છે તે માટે જુઓ 'શિલાલેખ સંગ્રહ—આબુ ભા૦ ૨' વસ્તુપાલ–તેજપાલના જિનાલયની મોટી પ્રશસ્તિ.

પ્રથમ જણાવેલું પ્રાચીન જૈનમંદિર જે ખંડિયેરરૂપે પડયું હતું અને તેમાં જે પથ્થરના ઢગલાઓ પડયા હતા તેમાંથી સફેદ આરસના પરિકરની ગાદીના બે ટુકડાઓ મળી આવ્યા હતા. તેનો આગળનો ત્રીજો ટુકડો મળી શકયો નથી. પરન્તુ તે ટુકડામાં આ પ્રમાણે લેખ વંચાય છેઃ—

"......૫ वर्षे फागुण वदि २ रवौ श्रीमत्पत्तनवास्तव्यप्राग्वाटान्वयप्रसूत ठ० श्रीसोमतनुज ठ० श्रीआशराजनंद–(२)......क्षिसंभूताभ्यां संघपति महं० श्रीवस्तुपाल महं० श्रीतेजपालाभ्यां निजाग्रजबन्धोः महं० श्रीमालदेवस्य श्रेयोऽर्थं श्रीमालदेवसुत ठ० पुनसिंहस्य (३)....पार्श्वनाथमहातीर्थे श्रीनेमिनाथजिनबिंबमिदं कारितं ॥ प्रतिष्ठितं श्रीनागेन्द्रगच्छे भट्टारकश्रीविजयसेन...."

—મહામંત્રી વસ્તુપાલ તેજપાલે પોતાના ભાઈ માલદેવ અને તેના પુત્ર પુનસિંહના શ્રેય માટે સેરિસા મહાતીર્થના શ્રી. પાર્શ્વનાથ ચૈત્યમાં શ્રીનેમિનાથ ભ૦ નું બિંબ ભરાવી પધરાવ્યું ને તેની પ્રતિષ્ઠા નાગેન્દ્રગચ્છના શ્રી. વિજયસેન-સૂરિએ કરી.

આ સં૦ ૧૨૮૫ હોવો જોઈએ. કેમકે લેખમાં માત્ર (૫) પાંચનો આંકડો જ વંચાય છે.

સેરિસાના જિનાલયની વિ૦ સં૦ ૧૪૨૦ના લેખવાળી પદ્માવતીની મૂર્તિ નરોડા ગામમાં વિદ્યમાન છે, જે વિ૦ સં૦ ૧૪૨૦ પછીના કોઈ વિપ્લવ સમયે ત્યાં લઈ જવામાં આવી હશે. સદ્ભાગ્યે અહીં ભંડારેલી કેટલીક મૂર્તિઓ મળી આવી છે.

અમદાવાદમાં શ્રીપાર્શ્વનાથ મૂળનાયકવાળા ગભારામાંની પ્રતિમા ઉપરનો લેખ (લેખાંક: નં. ૯૧૫)

सं. १५४३ वैशाख सुदि ९ भोमे ब्राह्मणगच्छे श्रीमाल सा० मं. हीरा भा० वाइ सुत सहिसा भा० रूपिणिसुत सूराकेन मातृ-पितृश्रेयोऽर्थं श्रीसुमतिनाथबिंबं का० प्र० श्रीविमलसूरिपट्टे श्रीबुद्धिसागर-सूरिभिः सेरीसाग्रामे ।

—जैनधातुप्रतिमालेखसंग्रह भा० १, पृ. १६६

## સેરિસાની વર્તમાન પરિસ્થિતિ

આજે જે નવું મંદિર અહીં ઊભું છે તેની સામેના મેદાનમાં પ્રાચીન જિનાલય ખંડેરરૂપે પડ્યું હતું. જિના-

લયનો ઘણો ભાગ ધરાશાયી હતો. માત્ર દિવાલનો થોડો ભાગ ઊભો હતો. તેમાં પથ્થરના ઢગલાઓ પડ્યા હતા. તેમાં કેટલીક મૂર્તિઓ પણ દટાઈ ગયેલી હતી. વિ૦ સં૦ ૧૯૫૫માં આ તરફ જૈનોનું ધ્યાન ખેંચાયું. તેમાંથી બધી મૂર્તિઓ કઢાવી એક રબારીનું મકાન વેચાતું લઈને તેમાં એ બધી મૂર્તિઓ પધરાવવામાં આવી. એ બધી મૂર્તિઓમાં એક ખંડિત મૂર્તિ ૪ ફીટ પહોળી, ૩ાા ફીટ ઊંચી અને ફણાસહિત ૫ ફીટ ઊંચી હતી, શ્યામ રંગના બે કાઉસ્સગ્ગિયા હતા. તે સિવાય પદ્માવતી દેવીની પણ એક મોટી મૂર્તિ હતી. એક આરસની આદીશ્વર ભગવાનની મૂર્તિ હતી. તે સિવાય પરિકરવાળી પાષાણની મૂર્તિ હતી. ઉપરની કોઈ પણ મૂર્તિ ઉપર લેખ દેખાતો નથી. તે સિવાય કેટલીક ખંડિત મૂર્તિઓ હતી તે જમીનમાં પધરાવી દેવામાં આવી હતી. એક આચાર્ય ભગવંતની મૂર્તિ છે, તેમના મસ્તક ઉપર ભગવાનની મૂર્તિ છે. મૂર્તિ ઉપર ઊંડા અક્ષરોનો લેખ છે પરન્તુ તેમાંથી એક નાનકડો ટુકડો ખરી પડવાથી આચાર્યમહારાજનું નામ જણાતું નથી. આ મૂર્તિઓ જ્યાંથી નીકળી તે ખંડેર ઘણું વિશાળ હતું. તે જૈનમંદિર હોવાની ખાતરી આપતાં કેટલાંક ચિહ્નો સ્પષ્ટ દૃષ્ટિગોચર થતાં હતાં. ગભારાનું સિંહદ્વાર અને એક પાર્શ્વનાથ ભગવાનની વિશાલ મૂર્તિ કે જે કાઉસ્સગ્ગ ધ્યાને ઊભેલી હતી, જેની ફણા તથા પગના પંજા વગેરે દેખાતું હતું અને તેનો પથ્થર શ્યામ વર્ણનો હતો. એ મૂર્તિ કોઇ વિધર્મીએ ખંડિત કરેલી હોય એમ લાગતુ હતું.

ઉપર્યુક્ત મૂર્તિઓ સિવાય જૂની ધર્મશાળા પાસેના એક ખાડામાંથી જે ફણાવાળી શ્રી. પાર્શ્વનાથ ભ૦ની વિશાલકાય મૂર્તિ નીકળી હતી. તે મૂર્તિને લોકો વર્ષો સુધી 'જોદ્ધા' તરીકે પૂજતા હતા અને બાધા–આખડી રાખતા હતા.

આદીશ્વર ભ૦ની મૂર્તિની કોણી નીચે ટેકો હોવાથી કેટલાક સંપ્રતિ રાજાની ભરાવેલી હોય એમ માને છે. પરન્તુ આ માન્યતા બરાબર નથી, કારણ કે ઘણા ગામોમાં ચૌદમી કે પંદરમી શતાબ્દીની મૂર્તિઓને ટેકો હોવાનું જણાય છે.

આ ખંડેરમાં કોરણીવાળા પથ્થરો, કુંભીઓ, થાંભલા વગેરે નીકળ્યું છે તે અહીં એકતરફ મૂકી રાખવામાં આવ્યું છે. વળી, બીજા સમયે ખોદતાં જે મળી આવ્યું છે તેમાં પથ્થરની ૧૫–૧૬ મૂર્તિઓ, આરસની ખંડિત ૨ મૂર્તિઓ, તથા આરસના મોટા માનવાકૃતિ કાઉસ્સગ્ગિયા, જેમાં બન્ને પડખે ૨૪ જિનપ્રતિમાઓ કંડારેલી છે, અને એ કાઉસ્સગ્ગિયા નીચે લેખ છે પણ તદ્દન ઘસાઇ ગયો છે, જે બારમી–તેરમી શતાબ્દીનો હોય એમ લાગે છે.

નીકળી આવેલી આ મૂર્તિઓમાંથી પાંચ મૂર્તિઓને શેઠ જમનાભાઈ ભગુભાઈએ લેપ કરાવ્યો હતો અને સં૦ ૧૯૮૮ના મહા સુદિ ૬ ને દિવસે તે મૂર્તિઓને મંદિરમાં પરોણાદાખલ પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

આજે અહીં વિશાળ ઘેરાવામાં આવેલું અમદાવાદનિવાસી સ્વ૦ શેઠ સારાભાઇ ડાહ્યાભાઇના પુણ્ય પ્રતીક સમું વિશાળ જિનાલય ઊભું છે. મૂળગભારો જોધપુરી લાલ

પથ્થરનો અને રંગમંડપ મકરાણાના પથ્થરથી બનાવેલો છે. તેની આસપાસ ચારે તરફ ધર્મશાળા બનાવીને કંપાઉંડ વાળી લીધું છે. જિનાલયની બાંધણી એકંદર શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર છે.

સં૦ ૨૦૦૨ના વૈશાખ સુદિ ૧૦ના રોજ મોટા ઉત્સવ-પૂર્વક શ્રીમાન્ દાદાગુરુ શ્રી. વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના લઘુ ગુરુભ્રાતા આચાર્ય શ્રી. વિજયનેમિસૂરીશ્વરજી મ૦ના હસ્તક શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી આ જિના-લયની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

## પરિશિષ્ટ પહેલું

○

### શ્રી. સેરિસા તીર્થનું સ્તવન

સ્વામિ સોહાકાર શ્રીસેરીસ એ,
પાસણુ જિણેસર લોડણુ કીસ એ;

કીસએ લોડણુ પાસ પરગટ પુહવિ પરતો પૂર એ,
સેવતાં સંપતિ સુકવિ જંપતિ સબલ સંકટ ચૂર એ!
એ અચલ મૂરતિ સકલ સૂરતિ આદિ કોઈ ન જાણુ એ,
ઈમ સુણીય વાણી હૃદય આણી સદગુરુ એમ વખાણુ એ ॥૧॥

વિદ્યાસાગર કોઈ ગુરુ આવીયા,
પંચ સયાં સ્યુ વડિ[૧] વિશ્રામિયા;

વિશ્રામિયા વડિ જૈન–કાંતિથકી[૨] સદગુરુ પોહચ એ,
તસ દોઈ ચેલા પુણ્યવેલા મિલિય મનિ આલોચ એ
ગુરુરાજ પોથી ખિણુ અનેથી[૩] ન મુંકિં કારણુ કિસ્યું ?
ઈક વાર આપણુ જોઈસ્યું એ ઈસ્યું કૌતુક મનિ વસ્યું ॥૨॥

---

૧. વડ નીચે. ૨. જૈનકાંતિ એટલે ઘણું કરીને અયોધ્યાનગરી.
૩. રેઢી.

અવસરિ એણિં ગુરુ બાહિર ગયા,
પુસ્તક છોડી દોઈ ચેલા રહ્યા;

દોઈ રહ્યા ચેલા છોડી પુસ્તક હસ્તિ આવે હરખ એ,
છોડતાં છાંને પ્રથમ પાનેં મંત્ર નયણે નિરખ એ;
બાવન્ન વીર તણું આકર્ષણ સોઈ મંત્ર હૃદય ધર્યો,
બાંધિઓ પુસ્તક વેગિ લેઈ કરિ ગુરુનો ભય હિયડે ધર્યો ॥૩॥

આવ્યા સદ્‌ગુરુ આવશ્યક કરે,
પોરિસી પુહતી નિદ્રા અણુસરે;

અનુસરે નિદ્રા સુગુરુ વેલા દોઈ ચેલા તવ મળ્યા,
જઈ રહ્યા પાસે મનિ વિમાસે મંત્ર કેલવિઈં કલા;
એક રહ્યો સાધક એક આરાધક મંત્ર જાપ જગાવીયા,
ઝલહલેં તેજે હૃદય હેજેં વીર બાવન આવીયા ॥૪॥

બોલે બાવન વીર વિચક્ષણા,
કહો કુણિ કારણિ અમ સમર્યા ઘણા;

કુણ કાજિ સમર્યા કહો ચેલા વીર બોલ્યા ઈસ્યું,
નહિ કાજ ચેલા ચિંતવે હવે કસ્યો ઉત્તર આપસ્યું;
એ નગર મોટું એક ખોટું નહીં જિનપ્રાસાદ એ,
તુમેં જઈને કાંતિથકી લ્યાવો પરિહરો પરમાદ એ ॥૫॥

જાં નહિ વાસે કલિજગિ કુકડા,[૪]
કાજ કરેસ્યું પછે નહિ ઢુકડા;

---

૪. કુકડા નહીં બોલે ત્યાં સુધી અમે કામ કરીશું. પ્રાતઃકાળમાં કુકડા બોલશે એટલે અમે ચાલ્યા જઈશું.

નહિ ઢુકડા ઇમ કહી ચાલ્યા વેગિ વીર ચલાવિયા,
પ્રાસાદ પ્રતિમા રંગમંડપ થંભ થિર લેઈ આવિયા;
વડ સિર[૫] વિણાયગ બાહિર બેઠાં ઈસી મોટી માંડણી,
સાતમી ભૂમિ જામ હૂઈ જાગિયા ગુરુ ગછધણી ॥૬॥

ગયણિ વહંતા દીસે થંભલા
મૂરતિ મોટી મંડપ અતિભલા;

અતિભલા મંડપ અને મુરતિ રયણિ જવ દીઠી ઘણી,
મની ઝંખ પેઠી થયા બેઠા નયણે નાઠી નિંદ્રડી;
એ જઈને કાંતીથકી લાવ્યા વીર જિનપ્રાસાદ એ,
ઊંઘ્યા ન ચેલા રહ્યા પેલા ઉપનો વિષવાદ એ ॥૭॥

સહગુરુ સમરી ચતુર ચક્કેસરી.
પરગટ પુરતી તવ પરમેસરી;

પરમેશ્વરી તવ પ્રગટ આવી ગુરુ સુણાવી વાતડી,
પ્રાસાદ કરતા વીર વારો હજી છે બહુ રાતડી;
એ મૂઢ ચેલા મનિ ન જાણે હુંસ્યે મ્લેચ્છ મહાકુલી,
તિણિ ધર્મ થાનિક હુંસે થોડાં દેવ તુમ કહીઈ વલી ॥૮॥

તામ ચક્કેસરી કુકડા કારિમા,
વાસ્યા[૬] વેગે પ્રહ ઉગતા સમા;

પ્રહ સમેં ઉગતે જિસ્યા વાસેં તિસ્યા વાસ્યા કુકડા,
તે સુણીય સાદ સોહામણા તબ વીર ન રહ્યા ઢુકડા;

૫. વડલાની ટોચથી પણ ઊંચી એવી મોટી માંડણી ૬. ચક્રેશ્વરી દેવીએ સવારમાં કુકડા બોલે છે તેવો કુકડાનો અવાજ કરાવ્યો.

એક હાથિ[૭]બિંબ છોડી થંભ માનિ મહિયલિ[૮] મેલિયા,
બાવન વીરે વચન પાલ્યાં સુણો સુણો સાહેલિયાં ॥૯॥
વિણ ગુરુ વચને વીરજ સાધિયા,
વડ ઉંચે કરી ચેલા બાંધિયા;
બાંધિયા ચેલા કહે ચક્કેસરિ ગુરુ અધિક તુમે કાં થયા?
હું દેવી કોપી લાજ લોપી છૂટસ્યો હવે કિમ ગૃહ્યા?
ગુરુ પાય ખામે સીસ નામે દોઈ કર તવ જોડિયા,
ગુરુ દયા આણિ દેવ જાણી દોય ચેલા છોડિયા ॥૧૦॥
મૂરતિ મૂલગીતિ[૯] તિહાં ચાલે નહીં,
સોવન મૂરતિ તિહાં ચાલે નહીં;
ચાલે નહીં વલિ મૂલનાયક સંઘ સહુ વિમાસ[૧૦]એ,
દિન કેતલે ગુરુ અવર આવ્યા અવર મંત્ર ઉપાસ એ;
ભલિં ભાવિ ભરિઓ ધ્યાન ધરિઓ ધરણપતિ ધરી આવિઓ,
આદેસ પામી સીસ નામી પાસ પ્રતિમા લાવિઓ ॥૧૧॥
થાપી પ્રતિમા પાસની[૧૧]લોડે એ,
પાસ પાયાલે જાવા ડોલે એ;
ડોલે એ પ્રતિમા નાગપૂજા[૧૨]નવિ રહું હું તે વિના,
લખ લોક દેખે સહુ પેખે નામ લોડણ થાપના;
સો રયણિ દીહે[૧૩]દેખી બીહે મંત્રબલિં ગુરુ થિર કરી,
એ નવણ પાણી વિવર જાણી ખાલ ગયો તવ વીસરી. ॥૧૨॥
અંતર એવડો સેરી સાંકડી,
નયરી કહંતી સેરીસાં કડી;

---

૭. એક સાથે. ૮. જમીન ઉપર. ૯. જરા પણ—સમૂળગી. ૧૦ ચિંતામાં પડ્યો. ૧૧. ઝૂલે છે. ૧૨. નાગકુમાર દેવોની પૂજા. ૧૩. દિવસે.

સાંકડી સેરી તવ વહંતી નયર નવ જોયણુ બારહુ,[૧૪]
એ વાસનું [૧૫]મંડાણુ મોટું વર્ણમાં તે સી કહું;
ઈમ કાલ ભાવેં નગર ઘડિયાં પુહવી ખોટી ઈસી પડી,
એવડો અંતર એહ પટંતર જુઓ સેરિસાં કડી ॥૧૩॥
પોતી (પેખી) પ્રતિમા ચ્યાર સોહામણી,
લોડણુ મૂરતિ અતિ રલિયામણી;
રલિયામણિ પ્રભુ પાસ પ્રતિમા દેખતાં મન ઉલ્હસે,
એ સ(ભ)મતી ભમતાં જોઇતાં મુઝ હરખ ભરિ હિયડું હસે;
તું વિશ્વનાયક મુગતિદાયક ધ્યાન તુઝ લીણો[૧૬] રહું,
હું મૂઢ મૂરખ માનવી ગુણ પાર તોરા કિમ લહું ? ॥૧૪॥
પોસ કલ્યાણ દસમી દિહાડે [૧૭]એ
મહિમા મહિયલિ પાસ દિખાડે એ;
દિખાડે એ પ્રભુ પાસ પ્રતિમા સંઘ આવે ઉલટચા,
ધ્વજ પૂજ મંગલ આરતી તેણે પાપ પૂર સવે ઘટચા;

---

૧૪. કવિ કહે છે—લોડતી. ઝૂલતી મૂર્તિને મંત્રબળથી ગુરુ મહારાજે સ્થિર કરી. તે વખતે અનેક માણસોએ પૂજા કરવા માટે કરેલા સ્નાનનું પાણી ખાળને નાનકડું સમજીને તેને ભૂલી જઈ (પાણી ઘણું હોવાથી) આખી શેરીરમાં ફેલાઈ ગયું. તે નગરી (કવિના કહેવા પ્રમાણે) બાર યોજન લાંબી નવ યોજન પહોળી હતી અને શ્રી. પાર્શ્વનાથ પ્રભુના મંદિરવાળી શેરી સાંકડી હતી. ઘણા માણસોના મુખથી શેરી સાંકડી એવા શબ્દો નીકળવાથી એ સ્થાનનું નામ 'શેરીસા' પ્રસિદ્ધ થઈ ગયું, જે આજ સુધી ચાલુ છે. ૧૫. શ્રી. પાર્શ્વનાથ પ્રભુના મંદિરવાળો વાસ–મહોલ્લો–શેરી બહુ મોટી છે, તેનું વર્ણન કવિ કહે છે કે, હું શી રીતે કરી શકું ? ૧૬. તન્મય–તત્પર. ૧૭. પોષ વદિ ૧૦ —જન્મ કલ્યાણકને દિવસે અધિષ્ઠાયક દેવો લોકોને આ મૂર્તિનો મહિમા–ચમત્કાર દેખાડે છે.

સંવત પન્નર બાસઠે પ્રસાદ સેરિસા તણી,
લાવણ્યસમય સો આદિ[૧૮] બોલે નમો જિન ત્રિભુવન ધણી ॥૧૫॥

સેરિસા પાર્શ્વનાથ જિનસ્તવનં સમાપ્તમ્

## નોંધ:—

શ્રીમાન્ જિનપ્રભસૂરિજીએ "વિવિધતીર્થકલ્પ" નામનો ગ્રંથ વિ૦ સં૦ ૧૩૪૫માં શરૂ કરીને સં૦ ૧૩૮૯ લગભગમાં પૂર્ણ કરેલ છે. આ તીર્થકલ્પમાં 'શ્રીઅયોધ્યાનો કલ્પ' આપેલો છે, તેની અંદર 'સેરીસા' તીર્થનું થોડું વર્ણન આપેલું છે. 'સેરીસા' તીર્થની ઉત્પત્તિ આ સ્તવનમાં આવેલી છે તેના કરતાં જૂદી જ રીતે તેમાં વર્ણન કર્યું છે.

'તીર્થકલ્પ'માં 'સેરીસા'ના 'શ્રી. લોઢણ પાર્શ્વનાથ' પ્રભુની મૂર્ત્તિની ઉત્પત્તિ છત્રાવલ્લીગચ્છીય શ્રીમાન્ દેવેન્દ્રસૂરિજી મહારાજના નિમિત્તથી બતાવેલી છે. આ મૂર્તિ સિવાયની બીજી ત્રણ મૂર્તિઓ તેઓ પોતાની વિદ્યાશક્તિથી જૈનકાંતિથી સેરીસા લાવ્યા. ચોથી મૂર્તિ પ્રાતઃકાલ થઈ જવાથી રસ્તામાં ધારાસેન ગામના ખેતરમાં મૂકી દેવી પડી. 'સેરીસા'ના ચૌમુખજીના મંદિરમાં તે ખાલી રહેલી જગ્યાએ ચૌલુક્ય મહારાજા કુમારપાલે સુવર્ણની પાર્શ્વપ્રભુની એક નવી મૂર્ત્તિ કરાવીને પધરાવી વગેરે ઉલ્લેખ 'તીર્થકલ્પ'માં છે. પરંતુ ઉક્ત મૂલનાયકજીની મૂર્તિનું 'લોઢણ પાર્શ્વનાથ' અને તે ગામનું 'સેરીસા' નામ શાથી પડ્યું ? એ હકીકત 'તીર્થકલ્પ'માં નથી, જે આ સ્તવનમાં છે.

---

૧૮ કવિ લાવણ્યસમયે સેરિસાના શ્રી. પાર્શ્વનાથ પ્રભુના મંદિરની ઉત્પત્તિ વિ૦ સં૦ ૧૫૬૨માં આ રીતે કહી.

## શ્રી. સેરિસા તીર્થના સ્તવનનો ભાવાર્થ—

શ્રી. સેરિસાનગરમાં શ્રી. લોડણ પાર્શ્વનાથસ્વામી શોભે છે. તે લોડણ પાર્શ્વનાથ પ્રગટપ્રભાવી છે અને સંસારમાં એમણે ઘણાઓને પરચા બતાવ્યા છે. આ સ્તવનના કર્તા શ્રી. લાવણ્યસમય કહે છે કે, એમની સેવા કરવાથી બધા પ્રકારની સંપત્તિ પ્રાપ્ત થાય છે અને સકલ સંકટોના ચૂરા થાય છે. એ મૂર્તિ અચલ છે, સુંદર છે અને એની આદિ એટલે ઉત્પત્તિ કોઈ જાણતું નથી. એવા પ્રકારની વાણી સદ્ગુરુ પાસેથી સાંભળીને હૃદયમાં સ્થાપન કરી છે તે વિષે કહું છું.

વિદ્યાસાગર નામના કોઈ સદ્ગુરુ પાંચસો શિષ્યો સાથે જૈન–કાંતિપુરથી અહીં આવ્યા અને એક વડના ઝાડ નીચે આશ્રય લીધો. એક વખત તેમના બે ચેલા આપસમાં મળીને વિચાર કરવા લાગ્યા કે ગુરુમહારાજ પોથી પોતાની પાસેથી એક ક્ષણ વાર પણ અળગી મૂકતા નથી તો એમાં કાંઈ કારણ હોવુ જોઈએ.

એક વખત ગુરુમહારાજ બહાર ગયા ત્યારે તે અવસર જાણી બન્ને ચેલાએ તે પોથી ઉપાડી અને ખોલી. તેમાંથી પુસ્તક કાઢ્યું. એ જોઈ એમને ઘણો હર્ષ થયો. પછી એકાન્તમાં પહેલું પાનું જોયું તો તે પાના ઉપર એક મંત્ર વાંચવામાં આવ્યો. તેમાં બાવન વીરોને આકર્ષણ કરવાની શક્તિ જોઈ મંત્રને બરાબર હૃદયમાં ધારણ કર્યો. ગુરુના આવવાની બીકે તે પુસ્તક પાછું પોથીમાં જલદી બાંધી દીધું.

ગુરુમહારાજ બહારથી આવ્યા. આવશ્યક ક્રિયા કરી પોરિસી ભણાવીને નિદ્રા લેવા લાગ્યા. તે વખતે બન્ને ચેલાઓએ મળીને મંત્રને સાધવાની કળા કેળવી. એક સાધક થયો અને બીજો આરાધક બન્યો. એમ કરીને મંત્રનો જાપ કરવા લાગ્યા. તે વખતે તેજથી ઝગહળતા બાવન વીર આવ્યા.

બાવન વીરો આવીને કહેવા લાગ્યા કે અમને શા માટે બોલાવ્યા છે? તે વખતે ચેલાઓ વિચારે છે કે હવે શું ઉત્તર આપીશું? ચેલાઓ વિચાર કરીને કહેવા લાગ્યા, આ નગર બહુ મોટું છે પરન્તુ અહીં એકેય જિનપ્રાસાદ નથી તો તમે કાંતિપુર જઈને એક જિનપ્રાસાદ લઈ આવો.

જ્યાં સુધી કુકડા નહીં બોલે ત્યાં સુધી અમે મંદિર ઉપાડી લાવવાનું કામ કરીશું અને પ્રાતઃકાળમાં કુકડા બોલશે કે તરત અમે ચાલ્યા જઈશું. એમ કહીને વીરો ઉતાવળથી ઊપડચા અને પ્રતિમા, રંગમંડપ, થાંભલા સાથેનો જિન-પ્રાસાદ લઈને આવ્યા. વડલાની ટોચથી પણ ઊંચી એવી એની માંડણી હતી. સાતમી ભૂમિ જામ થઈ ત્યારે ગુરુ જાગ્યા અને આકાશમાં થાંભલા, મૂર્તિ, મોટો રંગમંડપ ચાલતા જોયા. જ્યારે સુંદર મંડપ અને મૂર્તિ જોઈ ત્યારે રાત હજુ ઘણી બાકી છે એમ લાગ્યું. ત્યાં ગુરુના મનમાં ચિંતા લાગી અને ગુરુ બેઠા થયા. તેમની આંખમાંથી ઊંઘ ઊડી ગઈ. કાંતિપુરથી બાવનવીરો વીરજિનપ્રાસાદ લાવ્યા છે એ જોઈને તેમના મનમાં અકળામણ વધી ગઈ.

તે વખતે સદ્‌ગુરુએ ચતુર ચક્રેશ્વરીનું સ્મરણ કર્યું. એટલે તરત તે હાજર થઈ. તેણે ગુરુમહારાજને કહ્યું કે, આ વીરોને અહીં જિનપ્રાસાદ સ્થાપન કરતાં તમે રોકો. હજુ રાત ઘણી બાકી છે. આ મૂઢ ચેલાઓને એ વાતની ખબર નથી કે અહીં મહાકુલી નામના મ્લેચ્છો આવશે અને તે બધું નાશ કરી નાખશે.

તે વખતે ચક્રેશ્વરી દેવીએ સવારમાં કુકડા બોલે તેવો અવાજ કર્યો અને તેથી કુકડાનો મધુર ધ્વનિ સાંભળી વીરો ભાગી ગયા. એક હાથે બિંબ છોડીને થાંભલાઓ પૃથ્વી ઉપર મૂકયા. આ પ્રમાણે બાવન વીરોએ વચન પાળ્યું.

ગુરુની આજ્ઞા વિના ચેલાઓએ વીરોને બોલાવ્યા તેથી કોપાયમાન થઈને ચક્રેશ્વરીએ તેમને વડની સાથે બાંધી દીધા. તેમને કહ્યું કે, તમે ગુરુથી વધારે ડાહ્યા કેમ થયા? હું તમારા ઉપર ક્રોધિત થઈ છું. તે વખતે બન્ને ચેલાઓ ગુરુના પગમાં પડયા, મસ્તક નમાવ્યું અને હાથ જોડીને ઊભા રહ્યા ત્યારે ગુરુને દયા આવતાં તેમને બંધનથી છોડાવ્યા.

હવે સોનાની મૂર્તિને અન્યત્ર લઈ જવાનો વિચાર કર્યો, પણ મૂર્તિ તો જરા પણ ત્યાંથી ખસી નહીં, તેથી સકળ સંઘ ચિંતામાં પડી ગયો. કેટલાક દિવસ પછી ગુરુ આવ્યા અને બીજા મંત્રની ઉપાસના કરી ધ્યાન કર્યું ત્યારે ધરણેન્દ્ર પ્રગટ થયો અને ગુરુના આદેશથી મસ્તક નમાવીને પાર્શ્વનાથની પ્રતિમા લઈ આવ્યો.

જયારે પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાની સ્થાપના કરી

ત્યારે મૂર્તિ ડોલવા લાગી અને નાગકુમાર દેવોની પૂજા વિના હું અહીં નહીં રહું એમ જણાવતી મૂર્તિને લાખો લોકોએ ડોલતી જોઈ તેથી એનું નામ 'લોડણ પાર્શ્વનાથ' રાખ્યું. તે મૂર્તિ રાત્રિ જોઈ ને ડરવા લાગી. ત્યારે મંત્રબલી ગુરુએ તેને સ્થિર કરી દીધી. એ વખતે ન્હવણનું પાણી એટલું બધું વધી ગયું કે તે ખાળનું વિવર સાંકડું હોવાથી ન્હવણનું પાણી બહાર નીકળી ગયું અને શેરી સાંકડી જણાવા લાગી. લોકો પણ સેરી સાંકડી એમ કહેવા લાગ્યા એટલે નામ પણ એવું પ્રસિદ્ધ થઈગયું. ચાર પ્રતિમા અતિ સોહામણી હતી અને તેમાં લોડણ પાર્શ્વનાથની પ્રતિમા અત્યન્ત રણિયામણી લાગતી હતી.

રણિયામણી એવી પાર્શ્વનાથની પ્રતિમા જોઈને મન ઉલ્લાસ પામે છે. એની ભમતી ફરતાં, જોતાં મારું હૈયું હર્ષથી ઉભરાય છે. હે વિશ્વનાયક ! તું મોક્ષ આપનાર છે, તેથી તારા ધ્યાનમાં લીન રહું છું. હું મૂર્ખ અને મૂઢ છું તેથી તારા ગુણનો પાર શી રીતે પામું ?

પોષ વદિ દશમીના દિવસે પ્રભુ પાર્શ્વનાથનો જન્મકલ્યાણક દિવસ છે. તે દિવસે અધિષ્ઠાયક દેવો લોકોને આ મૂર્તિનો મહિમા બતાવે છે. સહુ સંઘ ઉમંગભેર અહીં ઊલટયો આવે છે અને પૂજા, આરતી, મંગલદીવો કરે છે, ધ્વજ ચડાવે છે. એમ કરવાથી પાપ નાશ પામે છે એવી લોકોને શ્રદ્ધા છે. કવિ શ્રી. લાવણ્યસમયે સંવત પંદરસો બાસઠ ( વિ૦ સં૦ ૧૫૬૨ )માં આ મંદિરની ઉત્પત્તિ આ સ્તવનમાં બતાવી છે.

## પરિશિષ્ટ બીજું

o

जओ अ सेरीसयपुरे नवंगवित्तिकारसाहासमुब्भवेहिं सिरिदेविंदसूरीहिं चत्तारि महाबिंबाइं दिव्वसत्तीए गयणमग्गेण आणीआइं।

जत्थ अज्ज वि नाभिरायस्स मंदिरं। जत्थ य पासनाहवाडिया सीयाकुंडं सहस्सधारं च। पायारट्टिओ अ मत्तगयंदजक्खो। अज्ज वि जस्स अग्गे करिणो न संचरंति, संचरंति वा ता मरंति।

गोपयराईणि अ अणेगाणि य लोइअतित्थाणि वट्टंति। एसा पुरी अउज्झा सरऊजलसिच्चमाणगढभित्ती। जिणसमयसत्ततित्थीजत्तपवित्तिअजणा जयइ ॥१॥

कहं पुण देविंदसूरीहिं चत्तारि बिंबाणि अउज्झापुराओ आणीयाणी त्ति भण्णइ—सेरीसयनयरे विहरंता आराहिअपउमावई-धरणिंदा छत्तावल्लीयसिरिदेविंदसूरिणो उक्करुडिअप्पाए ठाणे काउसग्गं करिंसु। एवं बहुवारं करिंते ते दट्ठूण सावएहिं पुच्छिअं—भयवं! को विसेसो इत्थ काउस्सग्गकरणे? सूरीहिं भणियं-इत्थ पहाणफलही चिट्ठइ, जीसे पासनाहपडिमा कीरइ, सा य सन्निहियपाडिहेरा हवइ। तओ सावयवयणेणं पउमावईआराहणत्थं उववासतिगं कयं गुरुणा। आगया भगवई।

तीए आइट्ठं। जहा—सोपारए अन्धो सुत्तहारो चिट्ठइ। सो जइ इत्थ आगच्छइ अट्ठमभत्तं च करेइ, सूरिए अत्थमिए फलहिअं घडेउमाढवइ, आणुदिए पडिपुण्णं संपाडेइ, तओ निप्पज्जइ तओ सावएहिं तदाहवणत्थं सोपारए पुरिसा पट्ठविआ। सो आगओ। तहेव घडिउमाढत्ता। धरिणिन्दधारिआ निप्पन्ना पडिमा। घडिन्तस्स सुत्तहारस्स पडिमाए हियए मसो पाउब्भूओ। तमुविक्खिऊण उत्तरकाओ घडिओ। पुणो समारिंतेण मसो दिट्ठो। टङ्किआ वाहिआ। रुहिरं निस्सरिउमारद्धं। तओ सूरिहिं भणिअं—किमेयं तुमए कयं? एयंमि मसे अच्छन्ते एसा पडिमा अईवअब्भुअहेऊ सप्पभावा हुन्ता। तओ अंगुट्ठेणं चंपिउं थंभिअं रुहिरं। एवं तीसे पडिमाए निप्पन्नाए चउवीसं अन्नाणि बिंबाणि खाणीहिंतो आणित्ता ठाविआणि। तओ दिव्वसत्तीए अवज्झापुराओ तिन्नि महाबिंबाणि रत्तिए गयणमग्गेण आणीयाणि। चउत्थे वि आणिज्जमाणे विहाया रयणी। तओ धारासेणयग्गामे खित्तमज्झे बिंबं ठिअं। रण्णा सिरिकुमारपालेण चालुक्कचक्कवइणा चउत्थं बिंबं कारित्ता ठविअं। एवं सेरीसे महप्पभावो पासनाहो अज्जवि संघेण पुइज्जइ। मिच्छा वि उवद्दवं काउं न पारेंति। ऊसुअघडिअत्तेण न तहा सलावण्णा अवयवा दीसंति। तम्मि अ गामे तं बिंबं अज्जवि चेइहरे पुइज्जइ इति।

—विविधतीर्थकल्प—अयोध्यानगरी कल्प, पृ० २४

# પરિશિષ્ટ ત્રીજું

O

संघप्रयाणकेष्वेवं दीयमानेष्वहर्निशम् ।
श्रीसेरीसाह्वयस्थानं प्राप देसलसंघपः ॥३२९॥

श्रीवामेयजिनस्तस्मिन्नूर्ध्वप्रतिमया स्थितः ।
धरणेन्द्राशसंस्थ्याहिः (?) सकले यः कलावपि ॥३३०॥

यः पुरा सूत्रधारेण पटाच्छादितचक्षुषा ।
एकस्यामेव शर्वर्यां देवादेशादघट्यत ॥३३१॥

श्रीनागेन्द्रगणाधीशैः श्रीमद्देवेन्द्रसूरिभिः ।
प्रतिष्ठितो मन्त्रशक्तिसम्पन्नसकलेहितैः ॥३३२॥

तैरेव सम्मेतगिरेर्विंशतिस्तीर्थनायकाः ।
आनिन्यिरे मन्त्रशक्त्या त्रयः कान्तिपुरीस्थिताः ॥३३३॥

तदादीदं स्थापितं सत् तीर्थं देवेन्द्रसूरिभिः ।
देवप्रभावाद् विभवि सम्पन्नजनवाञ्छितम् ॥३३४॥

तत्र स्नात्र-महापूजा-महामह : महाध्वजाः ।
विधाय देसलः साधुरारात्रिकमथाकरोत् ॥३३५॥

ददाववारिते सत्राकारे भोज्यं यथेप्सितम् ।
स्वर्णकङ्कणवस्त्राद्यं स्मरो गायनबन्दिनाम् ॥३३६॥

अष्टाह्निकान्ते संघस्य कारयित्वा प्रयाणकम् ।
श्रीक्षेत्रपुरं प्राप स देसलः संघसंयुतः ॥३३७॥

—नाभिनन्दनजिनोद्धारप्रबन्ध, चतुर्थप्रस्ताव, पृ० १५४-५५

# શ્રી. ભોયણી તીર્થ

## [ ૨ ]

### "મલ્લિ બિરાજે ભોયણી ગામમાં."

આ પ્રમાણે આપણે રોજ ગાઈએ છીએ પરન્તુ ભોયણીમાં મલ્લિનાથ ભગવાન્ કેવી રીતે બિરાજમાન થયા તેના રસિક વૃતાન્તની જાણ ઘણા ઓછા ભાઈઓને હશે. અહીં તેનો ટૂંક વૃત્તાન્ત આપવામાં આવે છે.

ભગવાન્ મલ્લિનાથ એ જૈનોના ઓગણીસમા તીર્થંકર છે. આ તીર્થંકરમાં એક વિશેષતા છે. પ્રાયઃ બધા તીર્થંકરો પુરુષ જ હોય છે, પરન્તુ આ મલ્લિ તીર્થંકર સ્ત્રીરૂપે હતા.

### ભોયણી તીર્થની ઉત્પત્તિ

સોલંકીવંશના ઠાકોર રાણા લાખાજીની જ્યારે અહીં આણ વર્તતી હતી તે વખતની આ વાત છે. ભોયણીની ઉત્તર દિશાએ ગામથી લગભગ અડધો માઈલ દૂર કેવળ પટેલનું ખેતર હતું. પટેલે તેમાં કૂવો ખોદાવવો શરૂ કર્યો. ત્રણ હાથ ખાડો ખોદાયા પછી બપોર થતાં ખોદવાનું બંધ કરી ખોદનારાઓ ત્યાં જ કૂવા પાસે ખાવા બેસી ગયા. બાજરાનો મીઠો રોટલો, અમૃત જેવી અડદની દાળ,

તીખું તમતમતું મરચું અને ઉપર મધુરી છાશનો ઘૂંટડો; આટલી ચીજો એ ખોદનારાઓ ખાતા હતા. એટલામાં એમના કાને સંભળાય એવી રાગ–રાગણીના આછા સરોદ સંભળાવા લાગ્યા. સૌને એ વાતનું આશ્ચર્ય થયું. ઊભા થઈને જૂએ છે તો તેઓએ જે ખાડો ખોદ્યો હતો તેમાંથી જ આ ગેબી અવાજો અને ગીતો સંભળાતાં હતાં.

આ મજૂરો જાતના કોળી અને જડબુદ્ધિ જેવા હતા પરન્તુ પરમાત્માની કૃપા થાય ત્યારે અજ્ઞાન ઊભું રહેતું નથી અને પરમાત્માની કૃપા પણ ત્યારે જ થાય છે કે જ્યારે પૂર્વ જન્મનાં પુણ્ય પ્રગટ થાય. તેઓ માત્ર આ ગેબી અવાજ સાંભળવામાં મસ્ત બની ગયા. જો કે તેઓ આ સંગીત ક્યાંથી અને કેવી રીતે આવે છે તે કલ્પી શક્યા નહીં પરન્તુ તેઓના હૃદયમાં એક અનેરા આનંદની છોળ ઉભરાવા લાગી. એટલામાં એકદમ સુરંગના જેવો ધડાકો થયો અને તે ખાડામાંથી માટીનું મોટું પડ ઊંચું થઈ ગયું, તેમાં મોટી મોટી દરારો–ચીરા પડી ગયા. જેમ સૂર્ય ઊગતાં પહેલાં તેમાંથી સોનેરી કિરણો ફૂટે છે અને પ્રકાશ પથરાય છે તેમ એ ચીરાઓમાંથી જાતજાતનો રંગબેરંગી પ્રકાશ દેખાવા લાગ્યો, તેથી તેમાં શું છે તે જોવાની અને જાણવાની સૌની પ્રબળ ઉત્કંઠા થઈ. ધીમે ધીમે તે માટીનું પડ દૂર કરતાં અંદર આરસની ત્રણ મૂર્તિઓનાં દર્શન થયાં. જાણે સાક્ષાત્ પરમાત્માએ દર્શન આપ્યાં હોય :એવો સૌને ભાસ થયો. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણે રૂપ ધરીને જાણે પ્રગટ થયા હોય એમ તે મજૂરોને લાગ્યું.

મજૂરોના મનમાં વિચાર આવ્યો કે શું કોઈ મંદિર ભાંગી પડવાથી આ મૂર્તિઓ દટાઈ ગઈ હશે કે કોઈએ આમ જમીનમાં ભંડારી હશે? કંઈ સમજાતું નહોતું. વસ્તુતઃ આ મર્તિઓ જો દટાઈ ગયેલી હોય તો આડી–અવળી કે ઊંધી–છત્તી થયેલી હોય પરન્તુ આ ત્રણે મૂર્તિઓ બરાબર પ્રતિષ્ઠિત કરાયેલી હોય તેમ જોડાજોડ બેઠેલી જોવાય છે. તેમાં વચમાં બેઠેલી મૂર્તિ તે ભગવાન મલ્લિનાથની હતી અને આસપાસ બે કાઉસ્સગિયાની જેમ બીજી બે મૂર્તિઓ હતી. જાણે તેઓને બહાર નીકળવું હોય તેમ તે ત્રણે મૂર્તિઓના ભાવ દેખાતા હતા અને તેથી મજૂરોએ તે ત્રણે મૂર્તિઓને ધીમેથી ઉપાડીને બહાર કાઢી, એક સ્થળે મૂકી. તે મહામંગલકારી દિવસ વિ૦ સં૦ ૧૯૩૦ ના વૈશાખ સુદિ પૂનમ અને શુક્રવારનો હતો.

મૂર્તિઓ બહાર કાઢયા પછી તે દેવ કયા ધર્મના છે તે કોઈને સ્પષ્ટ ન જણાતાં ભોયણી ગામમાં ખબર મોકલાવ્યા અને તેથી આખું ગામ દર્શનાર્થે ઊમટયું. સૌ દર્શન કરી રાજી થયા. પરન્તુ તે મૂર્તિઓ કયા ધર્મની છે તે કોઈને ખાતરીબંધ જણાયું નહીં, કારણ કે તેમાં કોઈ જૈન ભાઈ નહોતા.

ભોયણીની નજીક આવેલા કુકાવાવમાં આ ખબર પહોંચતાં ત્યાંથી કેટલાક શ્રાવકો અને ત્યાં રહેલા શ્રી. બાલચંદજી ગોરજી આવ્યા. બીજા પણ ઘણા લોકો આવ્યા અને મૂર્તિઓના અંગ ઉપર ચોંટેલી માટી ધોઈ નાખી મૂર્તિઓને

બરાબર સાફ કરવામાં આવી. શ્રાવકો અને ગોરજીએ કહ્યું કે, આ મૂર્તિ અમારા ધર્મની છે. ગોરજીએ ઊંડી તપાસ કરતાં અને તે વચલી મૂર્તિની નીચે કલશનું ચિહ્ન જણાઈ આવતાં તેમને સ્પષ્ટ જણાયું કે આ ૧૯ મા તીર્થંકર શ્રી. મલ્લિનાથ ભગવાનની મૂર્તિ છે અને બાકીના બે કાઉસ્સગ્ગિયા છે. પછી તો વાત વહેતી થઈ. શ્રાવકોમાં આનંદનો સાગર ઊમટયો. તેઓએ તરત કુકાવાવથી દૂધ મંગાવ્યું, શ્રાવક ત્રિભોવનદાસે દૂધથી ભગવાનને પ્રક્ષાલ કરી સેવા–પૂજા કરી. આ પ્રમાણે લાગલાગટ ત્રણ દિવસ સુધી તે ખેતરમાં જ ભગવાનની સેવાપૂજા કરવામાં આવી.

પછી તે ખેતરમાલિકને બીજા શ્રાવકોએ અને શેઠ ત્રિભોવનદાસે કહ્યું કે, આ ભગવાન જૈન ધર્માનુયાયીઓના છે અને અહીં કોઈ શ્રાવકનું ઘર નથી તેથી જો તમારી ઈચ્છા હોય તો અમે તેમને અમારા ગામમાં—કુકાવાવમાં લઇ જઈ એ.

ત્યારના ભોયણીના પટેલિયાઓ અને ઠાકોરોએ આગ્રહ કર્યો કે, આ જૈનોની મૂર્તિ છે તો ભલે પણ આ મૂર્તિ આ ગામમાં પ્રગટ થયાં છે તેથી તેમને આ ગામમાં જ પધરાવવાં જોઈ એ. તેમની સેવા–પૂજાનો બધો બંદોબસ્ત અમે કરીશું.

કુકાવાવના શ્રાવકોએ પૈસાની લાલચ બતાવી તે મૂર્તિ-ઓને આપી દેવા ઘણું સમજાવ્યા પરન્તુ ભોયણીના લોકો કોઈ રીતે સમ્મત ન થયા તેથી આપસમાં ઘણી રકઝક

ચાલી પરન્તુ વાતનો કોઈ રીતે નિવેડો ન આવ્યો.

તે વખતે ભોયણીના લોકોને એક વાત સૂઝી આવી કે મૂર્તિઓને વગર બળદના ગાડામાં બેસાડવી અને પછી જે તરફ ગાડું જાય ત્યાં તેમને પધરાવવી.

આ વાત કુકાવાવવાળાઓએ મંજૂર રાખી. ગાડું મંગાવવામાં આવ્યું. બળદો છોડી નાખ્યા. ભગવાનને ગાડામાં પધરાવવામાં આવ્યા. કુકાવાવવાળાઓએ કપટથી ગાડાનો ઊંટડો પોતાના ગામ ભણી રાખ્યો. ઘીનો દીવો ગાડામાં મૂકવામાં આવ્યો અને હવે ગાડું કઈ તરફ જાય છે તે સૌ આઘે ઊભા રહીને એક નજરે જોવા લાગ્યા.

થોડીવારમાં જ કોઈ ગેબી પ્રેરણાથી ગાડું ફરતું સૌના જોવામાં આવ્યું. ઊંટડો ભોયણી તરફ થઈ ગયો ને ઠાંઠિયું કુકાવાવ તરફ. વગર બળદે ગાડું પચ્ચીસ–ત્રીસ ડગલાં ભોયણી તરફ ચાલ્યું. વધારે ચાલતાં કદાચ ભગવાન પડી જશે એવી દહેશત લાગવાથી લોકોએ ગાડાને ઝાલી લીધું. બળદો જોડચા અને ભગવાનને ભોયણીમાં જવાની મરજી છે એમ સમજી કુકાવાવવાળાઓ પણ તે કુદરતી પ્રવાહમાં ભળી ગયા. પરમાત્માને મોટી ધામધૂમથી ભોયણી લઈ જવામાં આવ્યા અને પટેલ અમથા રામજીની એક ઓરડીમાં પધરાવવામાં આવ્યા.

તે વખતે ભોયણીના નિવાસીઓ અત્યન્ત ગરીબ અવસ્થામાં હતા. છતાં સૌએ મળીને નાની સરખી ટીપ ભેગી કરી. કેસર–ચંદન વગેરે પૂજાનો સામાન મંગાવીને

ગોઠી વ્યાસ પુરુષોત્તમ કે જે ત્યાંના સ્થાનિક હિન્દુ દેવળનો પૂજારી હતો તેની પૂજારી તરીકે ગોઠવણ કરી. બીજા લોકો પણ મૂર્તિઓની પૂજા કરવા લાગ્યા.

વા વાતને લઈ જાય છે, સૂર્ય ઊગતાંની સાથે જ તેનો પ્રકાશ ચારે તરફ પથરાઈ જાય છે તેમ આ મલ્લિનાથ ભગવાનના પ્રગટ થવાની વાત દેશના ખૂણે ખૂણે ફરી વળી. હજારો લોકો સંઘરૂપે દર્શનાર્થે ઊમટ્યા. માણસ ક્યાંય માતું નથી. દિવસ ઊગે ને હજારો લોકોનાં ટોળાં દર્શનાર્થે ઊમટ્યાં જ હોય. નાનું સરખું ભોયણી ગામ આ મૂર્તિઓના કારણે તીર્થધામ બની ગયું. ભોયણીના લોકોએ તન, મન, ધનથી તેને પહોંચી વળવા મહેનત કરી. યાત્રાળુઓની ઉદારતા અને ભક્તિથી હવે સેંકડો રતલ કેસર અને ચન્દનના ઢગલા થવા લાગ્યા અને ધીરે ધીરે ભગવાનને એ નાની ઓરડીમાંથી ખસેડી એક ભવ્ય અને ગગનચુંબી મંદિરમાં પધરાવવામાં આવ્યા. મંદિર બંધાવવા પાછળ એક લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. ગામની પણ ચડતી થવા લાગી. આ પ્રમાણે મલ્લિનાથ ભગવાનનો પ્રભાવ વધતો ગયો ને ભોયણી તીર્થ ભારતપ્રસિદ્ધ બની ગયું.

ભોયણીમાં મલ્લિનાથ મહારાજનાં દર્શન કરવા દર પૂનમે ઘણા માણસો આવે છે અને મોટો મેળો ભરાય છે. આસપાસના ગામના વ્યાપારીઓ આવીને દુકાનો પણ માંડે છે.

દર પૂનમે દર્શનાર્થે આવતા યાત્રાળુઓમાં અમદાવાદના સ્ટેશન ઉપર મીઠાઈના વ્યાપારી ભાઈ જેઠાલાલ ગગલદાસ રહે

છે તે તો પૂનમના દિવસે અમદાવાદથી તાજાં ફૂલ લાવી કેટલાંયે વર્ષોથી ભાવથી ભગવાનને ચડાવે છે અને તેમને પ્રતિદિન દૂધથી પ્રક્ષાલ કરવા માટે દર મહિને સવા રૂપિયો આપે છે.

દર પૂનમે યાત્રાળુઓ તરફથી મલ્લિનાથ મહારાજને મોટી આંગી (પૂજા) કરવામાં આવે છે. કદાચ યાત્રાળુઓ ન હોય તો કારખાના તરફથી આંગી રચવામાં આવે છે.

## કેટલાક ચમત્કારો

ચમત્કારો એટલે આશ્ચર્યજનક ઘટનાઓ. આવી ઘટનાઓ શ્રદ્ધા અને ભાવનાના બળે પ્રગટાવી શકાય છે. જેના દાખલાઓ પ્રત્યેક ધર્મમાં ભરપૂર મળી આવે છે. કેટલોક અતિબુદ્ધિ ધરાવનારો વર્ગ આ ચમત્કારમાં માનતો નથી પરન્તુ તેનું કારણ તો તેમનામાં શ્રદ્ધા કે ભાવનાનો અભાવ જ છે. બાકી તો ભાવનાના બળે-યોગના બળે અકલ્પ્ય સિદ્ધિઓ માણસને પ્રાપ્ત થાય છે.

ભોયણી તીર્થમાં અનેક ચમત્કારો બન્યા છે જેમાંના થોડાક અહીં જણાવીએ છીએ. પ્રાચીન કાળમાં તો આવા ઘણા બનેલા દાખલા આપણે વાંચીએ છીએ પરન્તુ આ તો આજના જમાનામાં પ્રત્યક્ષ બનેલા જ પ્રસંગો છે. તેથી લાખો માણસો અહીં યાત્રાર્થે આવે છે અને તેમની શ્રદ્ધાથી પોતાના મનની મુરાદો પ્રાપ્ત કરે છે.

૧. જે કૂવામાંથી આ મૂર્તિઓ નીકળી તે જરાયે આડીઅવળી ન હતી. પરન્તુ બરાબર સીધી રીતે વચમાં મલ્લિનાથ ભગવાન અને આજુબાજુ કાઉસ્સગ્ગિયા ઊભા

હતા. ભોંયરામાં પ્રતિષ્ઠિત કરીને બેસાડયા હોય તેવા લાગતા હતા.

૨. ભગવાનને કૂવામાંથી બહાર કાઢીને જ્યારે ગાડામાં બેસાડયા ત્યારે બળદ વગર તે ગાડું ચાલ્યું અને ઊંટડો જે દિશામાં હતો તેનાથી ઊલટી દિશામાં એની મેળે ફરી ગયો. ગાડું ભોયણી ગામ તરફ ચાલ્યું તેથી સૌને લાગ્યું કે ભગવાનને ભોયણીમાં બિરાજવાની ઈચ્છા છે તેથી તેમની પ્રતિષ્ઠા ભોયણીમાં કરવામાં આવી.

૩. ભગવાનને ગામમાં લાવતાં જે ગાડામાં બેસાડયા હતા તે ગાડામાં ઘીનો દીવો પ્રગટાવેલો મૂકવામાં આવ્યો હતો. તેને કોઈ જાતની જરા પણ ઓથ ન હતી, વગડાનો પવન ફૂંકાતો હતો છતાં દીપક બુઝાણો ન હતો અને દીપક ગામમાં ભગવાનને પધરાવવામાં આવ્યા ત્યાં સુધી અખંડ રીતે પ્રજળી રહ્યો હતો.

૪. એક હરિજને પોતાનું ઇચ્છિત કાર્ય સફળ થાય તો ભગવાનનાં દર્શન કરી ભંડારમાં પાંચ રૂપિયા નાખવાની માનતા માની હતી. ભાગ્યયોગે તેનું કાર્ય પૂરું થઈ ગયું તેથી તે હરિજન પાંચ રૂપિયા લઈને ભગવાનના દર્શનાર્થે આવ્યો. ભગવાનની બેઠક એ પ્રમાણેની હતી કે ઓરડીની બારીમાં જઈ બીજી બાજૂએ જૂએ તો ભગવાનનાં દર્શન થાય. ઓરડીની સમ્મુખ બેઠક ન હતી. આ હતો જાતનો હરિજન એટલે તેનાથી ઓરડીમાં કેમ પેસાય અને દર્શન શી રીતે થાય? તેણે શ્રાવકો અને પૂજારીને આ વાત કરી પરન્તુ

તેઓએ પણ ઓરડીમાં બારીએથી ડોકિયું કરવાની ના પાડી. આથી તે આખો દિવસ ભૂખ્યો અને તરસ્યો લોકોને કરગરતો બહાર બેસી રહ્યો.

એટલામાં રાત્રિના વખતે એકાએક મલ્લિનાથ ભગવાન જે તરફ મુખ કરીને દિવાલે બેઠા હતા તે તરફની દિવાલ કડડડ ભૂસ કરતી તૂટી પડી અને તે જ ફરાની પાછળ તે હરિજન ભગવદ્દર્શનની ઉત્સુકતામાં લીન બની બેઠો હતો, તેને ફરેં–ભીંત પડતાં જ ભગવાનનાં દર્શન થયાં અને તે દર્શન થતાં જ હર્ષાવેશમાં આવી નાચી ઊઠ્યો. ખૂબી તો એ હતી કે આ દિવાલ જીર્ણ થયેલી ન હતી. ભગવાનને આ ઓરડીમાં પધરાવ્યા પછી મજબૂત રીતે આ દિવાલ બંધાવવામાં આવી હતી. તે પછી ભગવાનના કોઈ ભક્તને સ્વપ્ન આવ્યું અને તેમાં તેને કોઈ એમ કહેતાં સંભળાણું કે હવે બારણું ફરામાં મારી આગળ પડે તેમ મૂકવું, જેથી સૌને મારાં દર્શન થઈ શકે અને તે જ પ્રમાણે બારણું મૂકવામાં આવ્યું. આજે પણ તે જ પ્રમાણે બારણું છે. સૌ કોઈ દૂરથી ભગવાન મલ્લિનાથનાં દર્શન કરી શકે છે.

૫. એક વખત ભગવાનને જે ઓરડીમાં પધરાવ્યા હતા તે ઓરડી જીર્ણ થઇ જવાથી ફરીથી બીજી બનાવવા માટે ભગવાનને અને કાઉસ્સગ્ગિયાને ઉપાડીને જમણી બાજુને બદલે ડાબી બાજુએ બેસાડ્યા ત્યારે બીજા કાઉસ્સગ્ગિયા તેમજ મૂર્તિ ઉપાડવા જતાં ઘણી મહેનત કરવા છતાં પણ તે કાઉસ્સગ્ગિયા ઊપડ્યા નહીં. ત્યારે એક જણના મનમાં

આવ્યું કે આપણે પ્રથમ કાઉસ્સગ્ગિયા મૂર્તિ જે બેસાડી છે તેમાં કંઈક ફેરફાર થયો લાગે છે તેથી જેમ હોય તેમ બેસાડીએ એવો વિચાર કરીને જ્યાં ઉપાડવા લાગે છે ત્યાં ફૂલની માફક તે કાઉસ્સગ્ગિયા ઊપડી આવ્યા અને તેમને યથાસ્થાને બેસાડયા.

૬. કોઈ એક ભકતે ભગવાનની દૃષ્ટિસમ્મુખ પાંચ શ્રીફળ વધેરવાની માનતા કરેલી. તે ફળ લઈ ભોયણી ભગવાનના દરબારમાં પહોંચ્યો અને શ્રીફળ વધેરવાની ત્યારી કરવા લાગ્યો. શ્રાવકોને આ વાતની ખબર પડવાથી તેઓએ તે ભાઈને કહ્યું કે, આ હનુમાન કે બીજા કોઈ દેવનું મંદિર નથી. એટલે અહીં શ્રીફળ વધેરાય નહીં પરન્તુ આખાં ને આખાં મૂકી દેવાય. પછી તેણે આખાં ને આખાં મૂકી દીધાં પરન્તુ તેના મનમાં પાછી શંકા થઈ આવી કે મેં માનતા તો વધેરવાની કરી હતી, આખાં મૂકવાથી મારી માનતા ફળશે કે નહીં, એવા વિચારમાં કચવાતા મનથી દૂર ઊભો રહી વધેરવાની બીજાઓને વિનતિ કરવા લાગ્યો. પરન્તુ કોઈએ તેના બોલવા તરફ લક્ષ્ય આપ્યું નહીં. થોડો સમય વ્યતીત થયા બાદ તે માનતાવાળાનાં શ્રીફળ બીજા લોકોના દેખતાં વધેરાઈ ગયાં અને લોકો આશ્ચર્યમાં ગરકાવ બની ગયા. માનતાવાળો પોતાની માનતા પૂરી થઈ એમ સમજી રવાના થયો.

૭. રાત્રે આ દેરાસરમાં કોઈ રહેતું નથી પરન્તુ અવાર-નવાર આરતી ઊતરતી હોય અને ઘંટ વાગતો હોય એમ ઘણા લોકોએ સાંભળ્યું છે. અત્યારે પણ કોઈ કોઈ

વખત એવાં સંગીત સંભળાય છે.

૮. મલ્લિનાથ ભગવાનની પેઢીના માજી મુનિમ હરિભાઈ અને કારકૂન નરોત્તમદાસ આ બન્નેની સાથે ભોયણીના ઠાકોર રાણાજીને નાણાં સંબંધી કંઇક ઝઘડો ચાલતો હતો. હલકી કોટિના માણસો હલકા વિચારો તરફ પ્રેરાય છે. તે પ્રમાણે ઠાકોરે વિચાર કર્યો કે કારકૂન નરોત્તમને મરાવી તેના હસ્તકની બધી રકમ પડાવી લઉં. આ પ્રમાણે મનસૂબો કર્યો.

તે વખતે વજો નામનો એક નિર્દયી બહારવટિયો ફરતો હતો. રાણાજીએ તેની સાથે મળી જઈ પોતાનો આ વિચાર પાર પાડવા ગોઠવણ કરી. બહારવટિયો વજો એ પ્રમાણે હથિયાર સજીને ઘોડા પર બેસી દેરાસર પાસેની દુકાન આગળ આવીને ઊભો રહ્યો. તે વખતે મુનિમ હરિભાઈ અને ગોઠી તારાચંદ ત્યાં ઊભા હતા. તેમાં તારાચંદને પૂછયું કે, નરોત્તમ કયાં છે? તેણે જવાબ નહીં દેવાથી બંદુકનો કુંદો માર્યો તેથી કરગરીને કહ્યું કે, હું તો બ્રાહ્મણ છું. એમ કહી જનોઈ બતાવી એટલામાં પાસેની દુકાનમાં નરોત્તમ બેઠેલો હતો, તે નજરે પડયો એટલે તે ઊભો થયો અને બારણાની ઓઠે ધ્રૂજતો ધ્રૂજતો મલ્લિનાથ ભગવાનનું સ્મરણ કરવા લાગ્યો. એટલામાં તો બારણાની ઉપર લગાવેલી ચકલીઓ એકદમ ઊંચી થઈ ગઈ અને બારણું જોરથી બંધ થઈ ગયું એટલે નરોત્તમે અંદરથી સાંકળ લગાવી દીધી. આ ચમત્કાર જોઈ બહારવટિયો ત્યાંથી પલાયન થઈ ગયો.

૯. મલ્લિનાથ ભગવાન પ્રગટ થયા તે વખતે ખૂબ અમી ઝરતું હતું. પણ વિ૦ સં૦ ૧૯૩૩માં મારવાડથી એક બહેન આવેલાં. તે પ્રભુની પૂજા કરવા માટે ગભારામાં એક પગ મૂકતાં અને બીજો પગ બહાર હતો એવી સ્થિતિમાં માસિક ધર્મ (અડચણ) આવતાં બહાર નીકળતાં ઓરડાની બહાર પડી ગયાં અને ચોકમાં ચાંદની બાંધેલી હતી તે સ્વયં સળગી ઊઠી. ત્યારથી અમી ઝરતું બંધ થઈ ગયું.

આવા અનેક ચમત્કારો આ તીર્થના સંબંધમાં જોવાય છે અને સંભળાય છે. આ તીર્થના પ્રગટ પ્રભાવને લીધે હજારો યાત્રીઓ અહીં આવે છે અને આત્મિક શાંતિ તથા ઇચ્છિત સુખ પામે છે.

## વર્તમાન કાળનું ભોયણી તીર્થ

અમથા પટેલના ઘરમાં (ઘર વેચાતું લઈને) એ ત્રણે મૂર્તિઓને પધરાવી (આ ઘર હજુ પણ કારખાનાની માલિકીનું છે.) પછી સંઘ તરફથી મોટું દેરાસર તૈયાર કરાવવામાં આવ્યું. દેરાસર તૈયાર થવાથી મૂળનાયકજી અને કાઉસગ્ગિયા બન્ને એમ ત્રણ મૂર્તિઓ અને બાજુના બન્ને ગભારાની મૂર્તિઓ બહાર ગામથી લાવીને સં૦ ૧૯૪૩ના મહા સુદિ ૧૦ ને દિવસે દેરાસરમાં પધરાવીને પ્રતિષ્ઠા કરી છે.

આ મંદિરમાં કકરા પથ્થરની એક મૂર્તિ છે. તેના ઉપર નીચે પ્રમાણે લેખ છે.—

सं. १८७६ वै. शु. १३ गु...वासुपूज्य...प्रतिमा...

અહીં પહેલાં જૈન મંદિર હોવું જોઈએ. ઉપરોક્ત મૂર્તિઓ નીકળ્યા પછી બીજી મૂર્તિઓ પણ ભૂમિમાંથી મળી આવે છે. લુહારની કોડમાં ખોદતાં આશરે ત્રણ સવા-ત્રણ ફીટ ઊંચી પ્રતિમા મળી છે, જે અત્યારે ભોંયરામાં મૂકવામાં આવી છે. તે ખંડિત મૂર્તિ રીખવદેવ ભગવાનની છે, પ્રાચીનતાનું ભાન કરાવે છે. બીજી એક મૂર્તિ સાથેનું પ્રાચીન પરિકર અખંડ છે, જેની લંબાઈ આશરે સાડાત્રણ ફીટ અને પહોળાઈ ત્રણ ઈંચની છે તે પણ ભોંયરામાં છે.

પ્રતિષ્ઠા કરી ત્યારથી દિવસે દિવસે આ ધામનો મહિમા વધતો જ જાય છે. લોકો માનતા બહુ જ કરે છે. દેરાસર પણ ઘણું જ ભવ્ય અને રમણીય બન્યું છે. યાત્રાળુઓને સવ પ્રકારની સગવડ મળે છે. ભોયણી સ્ટેશન થવાથી યાત્રાળુઓને આવવા જવાની ઘણી જ અનુકૂળતા થઈ છે. અહીંના કારખાનાની દેખરેખ અમદાવાદવાળા શેઠ જમનાભાઈ ભગુભાઈ વગેરેની બનેલી કમિટી રાખે છે. મહા શુદિ ૧૦ ના વર્ષગાંઠના દિવસે મોટો મેળો ભરાય છે. આશરે ૭–૮ હજાર માણસ આવે છે. તે સિવાય ચૈત્રી, કાર્તિકી અને અષાઢી પૂનમના દિવસોમાં પણ મેળા ભરાય છે. ગામમાં શ્રાવકનું એક જ ઘર છે અને બે મોદીનાં ઘર બીજાં છે. તે બહાર ગામથી આવેલાં છે.

દેરાસર ત્રણ શિખરવાળું ભવ્ય દેવવિમાન જેવું બનેલું છે. ધર્મશાળાઓ ત્રણ છે. તેમાં એક દેરાસરને

ફરતી છે. બીજી તેની જોડે છે એ બન્ને સંઘના દ્રવ્યથી બનેલી છે. અને સામેની ધર્મશાળા વીસનગરવાળા શા૦ ગોકલભાઈ દોલતરામે પોતાના પૈસાથી બનાવીને શ્રી. સંઘને અર્પણ કરેલી છે. બીજી ધર્મશાળાની જોડે જ કારખાનાનો ફૂલ માટેનો મોટો બગીચો છે. પહેલી ધર્મશાળામાં સાધુ તથા સાધ્વીઓના જૂદા જૂદા બે ઉપાશ્રયો છે. જૈન પુસ્તકાલય–લાયબ્રેરી છે.

અહીંથી પશ્ચિમ દિશામાં ૧ાા માઈલ દૂર કુકાવાવ ગામમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું શિખરબંધી ભવ્ય દેરાસર છે, તે દર્શનીય છે. તેની દેખરેખ ભોયણીના કારખાનાવાળા કરે છે. કુકાવાવમાં પહેલાં શ્રાવકોનાં ૫૦ ઘર હતાં. પરન્તુ બહારવટિયાઓના અવારનવાર ધાડાં પડતાં હોવાથી સં૦ ૧૯૭૭માં બધા શ્રાવકો ગામ છોડીને બહાર ગામ ચાલ્યા ગયા છે.

આ કળિયુગમાં પણ આ તીર્થ પ્રગટ પ્રાભાવિક છે. માણસોનાં મનોવાંછિતો પૂરે છે અને પાપને હરે છે. પ્રત્યેક મુમુક્ષુએ આ તીર્થનાં દર્શન કરી પાવન બનવું જોઈએ.

# પરિશિષ્ટ

## શ્રી. ભોયણી મલ્લિનાથજીનાં ઢાળિયાં

(સં૦ ૧૯૩૨)

(દુહો)

શ્રી શંખેશ્વર પાસજી, નમી પદ્માવતી માય;
મલ્લિ જિને ભેટણુ જાણી, મુજ મન હરખ ન માય.

### ઢાલ-૧

કામ છે, કામ છે, કામ છે રે, નહીં આવુંજી મારે કામ છે—એ દેશી.

દેખણુ કેવલ કણુબીને ખેત્રે, ભેલા મળ્યા દુઃખ વારણે રે;
કુકાવાવવાળે કડાકૂટ કીધી, લેઈ જાશું અમ બારણે.

ભોયણી રાણો તવ ત્યાં આવે, ગાડે બેસાડયા સુખ કારણે રે;
વીણુ બળદિયે ભોયણી સન્મુખે, હરખ થયો દરબારને રે.

એમ કરતો કેશરી સંઘ કુલે, સંઘતિલક ભવ વારણે રે;
પંચાશી જણનો વાલ કહાયો, સંઘવી પીતાંબર એક તારને રે.

દાન દયા ઉપદેશ સલહીને, સંઘ સકલ ભવ તારણે રે;
દેવસાને પાડે દેવ જુહારી, સહૂ ચાલો મલ્લિ બારણે રે.

ઢાલ-૨

સાંભલ સુજની રે—એ દેશી

રાજનગરનો રે રેવાસી, અલબેલો પેંપલીપોલવાસી;
રાજપુર ટોળીનો રસીયો, અહનિસી ચિંતામણિ મન વસીયો.
મલ્લિજિન ભેટણ રે ચાલો, શું ભવમાંહે રહ્યા તમે માલો;
કોટવાલ તેડી તે લાવે, સહુકો તૈયારી કરો મન ભાવે.
માગશિર વદ છઠ્ઠ શનિવારે, ભોયણી સંઘની કરે તૈયારી;
સંઘવી પીતાંબર મનોહારી, નવલબાઈજાયો હુસયારી.
કેસરિ સંઘ કુલમાં એ દીવો, સંઘવણ જમનાબાઈ ચિરંજીવો;
હઠીભાઈ વાડીનો મુકામ, ધર્મનાથ દીઠા ગુણધામ.
બેન ભાણેજ રે ઝાઝા, પંચ્યાશી જણ ઘરે બહુ ઝાઝા;
ધર્મજિન વાંદીને ચાલુ, ગાતે વાતે સાંત સમ માલુ.
ચોવીવટા દરીસણ નીત ચાહુ, આદ્રજમાં પારસ સુખ પાઉં;
માલીક મગન પીતાંબર સાથે, આવ્યા ભોયણી મલ્લિ ગુણ ગાતે.
કુંભરાય નંદન રે દીઠો, પ્રભાવતીજાયો લાગે મીઠો.
પોષ દશમી કલ્યાણક કીધું, સ્વામીવચ્છલ સંઘવી જસ લીધું;
રાતીજગો હોવે ઝકઝોલ, દાન દયા ભોયણીમાં કલ્લોલ.

ઢાલ-૩

(નથવા જો, નથવા જો, નથવા જો,
રાજગીરીરો મુખરો મંડણ રૂડો લાગે રાજ—એ દેશી)

મલ્લિ નમી પંચાસર જાયવા રાજ, હું જાત્રા ઉજમાલ;
પીતાંબર સંઘવી કહે રાજ, રાજગૃહી પધાર.

તુમ વિના ઉજમણા તણો રાજ, વીસ સ્થાનક તણો આજ;
વિધિવિધાન મુજ કુણ કહે રાજ, એ વિનતિ સુણો આજ.

દાન દેઈ દયા ધરી રાજ, સીધા વાંછિત કાજ;
ચઉદસે સૂરજ ગામમાં રાજ, શીતલ શીતલ મહારાજ.

ઢાલ–૪
(વ્યાયલારી—એ દેશી)

વાજાં સાથે ઉજમણું થયું, સંઘવી પીતાંબર વીસ સ્થાનકનું રે;
મહિમા કર્યો સ્વામીવચ્છલ કર્યા, રાતીજગો ઊજવી રે.

જીરે પ્રમોદમણિ ગુરુનામથી રે, જીરે ઉદ્દ્યોત ઊગ્યો ભાણુ રે;
ઉગણીસે બત્રીસ પોષ વદિ જીરે, દાન દયા મલ્લિ જાણુ રે.

(કલશ)

ગાયો ગાયો ગાયો રે, શ્રી.મલ્લિ જિનેસર ગાયો,
ઓગણીસસે ઓગણત્રીસ, વૈશાખ પૂનમ ભોયણી ભાગોલ આયો;
કેવળ કણબીના ખેતરમાં, પ્રગટ્યા સંઘને હરખ ન માયો રે.
શ્રી.મલ્લિ૦

નમણજલે ભોયણી રાણાનો, નેત્રનો રોગ ગમાયો;
ઈમ અનેકની પીડા નિવારી, જગ જસ પડહ વજાયો રે.
શ્રી.મલ્લિ૦

ઓગણીસ બત્રીસ પાસ કલ્યાણક, સંઘવી પીતાંબર ભેટાયો;
મલ્લિજિન ભેટી રાજનગરે, ઉજમણા ઠાઠ બનાયો રે.
શ્રી.મલ્લિ૦

મણિ ઉદ્દ્યોત મહારાજ પસાયે, પીતાંબર પ્રેમ પુરાયો;
ઉજમણો વીસસ્થાનક કેરો, દાન દયા મલ્લિ ગાયો.
શ્રી.મલ્લિ૦

(લાવણી)

અગડબંબ અગડબંબ ડંકો વાજે, સવાઈ ડંકા સાહેબકા;
મુલક બિચમેં બાજ રહ્યો એ, મલ્લિ જિનવરકા ડંકા. અ૦ ૧
દશ દિશાથી આવત લોકો, ભાવ ધરી તેરે પાય;
પડછા પૂરશે સેવક જનને, ઊલટયો પ્રભુગુણ ગાયે. અ૦ ૨
ચુવાલ બિચમેં નગર ભોયણી, બાવાજી ત્યાં વિરાજતા;
મુરતી તેરી લાગે પ્યારી, દેખી દિલમાં ખુશી થાતાં. અ૦ ૩
ઓગણીસે ત્રીશકી સાલે, વૈશાખ માસ રૂડો કહેવાય;
સુદ પૂનમને શુક્રવારે, પ્રભુ પ્રગટયા ખેતરની માંય. અ૦ ૪
બડી ધૂમથી વાજત ગાજત, મલ્લિનાથ બિરાજત હે;
ચમત્કારો બહોત બનાયા, હરખીને સહુ આવત હે. અ૦ ૫
મલ્લિનાથ તુમ મહાઉપકારી, ખટ મિત્રોંકા કામ કિયા;
એસા સાહેબ નહીં હોનેકા, પર ઉપકારી નામ લિયા. અ૦ ૬
ધન્ય તાત ઔર ધન્ય માત રે, જિનવરને જ્યાં જન્મ લિયા;
બાલ બ્રહ્મચારી રહી જ મુનિને, ચાર વ્રતકા રસ પિયા. અ૦ ૭
જુજ વખતમેં પ્રભુ માહરા, અષ્ટ કરમકુ દૂર કિયા;
એસા આપકા સેવક જનને, બોહોત જાતકા સુખ દિયા. અ૦ ૮
એસા જિનવર નહિ મિલનેકા, બેર બેર વંદન કરના;
છોટાલાલ કહે કરજોડી, ભવ ભવકી ભાવટ હરના. અ૦ ૯

૦

# શ્રી. પાનસર તીર્થ

[ ૩ ]

કલોલથી રેલ્વે સડકે ૪ા માઈલ દૂર પાનસર નામે સ્ટેશન છે ને પાનસર સ્ટેશનથી લગભગ ૧ ફર્લાંગ દૂર પૂર્વ તરફ જંગલમાં જૈનોનું તીર્થધામ આવેલું છે. ગામમાં જવાના માર્ગની જમણી બાજુએ વિશાળ કંપાઉન્ડમાં વચ્ચે સાત ગભારા અને ત્રણ શિખરવાળું મૂળનાયક શ્રી. મહાવીર સ્વામી ભગવાનનું વિશાળ અને ભવ્ય મંદિર શોભે છે. મૂળનાયકની મૂર્તિ ૩ા ફીટ ઊંચી છે. આના સાતે ગભારામાં મૂ૦ ના૦ તરીકે આરસની સાત મૂર્તિઓ અને બાકીની ધાતુની પંચતીર્થી વગેરેની મૂર્તિઓ છે.

મંદિરની ચોતરફ આવેલી વિશાળ ધર્મશાળામાં ૧૨૦ ઓરડાઓ છે. મંદિરની સન્મુખ કંપાઉન્ડની બરાબર વચમાં જ સુરતવાળા શેઠ ભુરિયાભાઈ જીવણચંદે બાવીશ હજાર રૂપિયા ખર્ચીને ત્રણ માળનું ભવ્ય ટાવર બંધાવ્યું છે.

આ મંદિર બંધાવવાનો ઇતિહાસ જાણવાજેવો છે.

પાનસરમાં ઉગમણી દિશાએ રાવળિયાનો વાસ છે.

ત્યાં સં૦ ૧૯૬૬ના શ્રાવણ શુદિ ૮ ને શનિવારના દિવસે નાયક શંકર દલસુખની સ્રી રેવા રાવળ જલા તેજાના ઘર આગળથી જતી હશે તે વખતે તેના માટીના ઘરના બારણુના આગલા ભડામાં આરસના પથ્થરનો દેખાવ જોઈ જલાની સ્રી સંતોક પાસે ખરલ કરવાને તે પથ્થરની માગણી કરી. સંતોકે કહ્યું કે, કાલે આવજે. પછી શ્રાવણ સુદિ ૯ ને રવિવારે સવારના સાત વાગે રેવા સંતોકને ઘેર આવી. સંતોકે દાતરડાથી ખોતરવા માંડયું તો પ્રતિમાજી જેવો આકાર જણાયો. ત્યારે તે બે જણે વિચાર્યું કે આ તો કોઈ દેવની મૂર્તિ લાગે છે. પછી ધીમે ધીમે ખોતરતાં તેમને કેસર વિલેપન સહિત ભગવાનની મૂર્તિ જણાઈ. પછી તો જલાને બોલાવી પ્રતિમાજી બહાર કાઢયાં.

જલાએ ચૌટામાં આવી ઘેર ઘેર વધામણી આપી કે મારે ઘેર ભગવાન પ્રગટ થયા છે. જેથી ગામના આગેવાનો તથા જૈનો વગેરે રાવળિયાને ઘેર ગયા. બધા ભાઈઓ જોઈ ને કહેવા લાગ્યા કે, આ તો જૈન પ્રતિમાજી છે, માટે આપણે જૈન દેરાસરમાં લઈ જઈએ. ઉપાડવા જતાં પ્રતિમાજી ઊપડયાં નહીં. વીશ-પચીશ જણે ઉપાડયાં પણ ભગવંત ઊપડયા નહીં. તપાસ કરતાં માલૂમ પડયું કે જે જગ્યાએથી પ્રતિમા દેખાયાં તે જગ્યા તો ઘણી સાંકડી છે ને પ્રતિમાજી મોટાં છે. જમીન બરાબર પલાંઠી છે ને બીજો ભાગ ઉપરના ભડાના ચણતરમાં છે. વળી, મકાન સં૦ ૧૯૫૫ની સાલમાં નવીન કરેલું છે. તે મકાન બંધાવનાર ઠાકરડો પણ હયાત છે. પ્રભુની ઈચ્છા રાવળિયાને કાંઈ અપાવવાની જણાય છે, એમ

વિચારી શ્રાવકોએ ચાલીશ રૂપિયા રાવળિયાને આપવાના નક્કી કરી ભગવાનને ત્યાંથી ખાટલામાં પધરાવી વાજતે-ગાજતે પૂર્વ દિશાએથી બજાર વચ્ચે થઈ ગામના દેરાસરમાં પધરાવ્યા. આ મૂર્તિથી આકર્ષાઈને ઘણા યાત્રાળુઓ અહીં દર્શનાર્થે આવવા લાગ્યા અને આ તીર્થનો મહિમા વધવા લાગ્યો.

પ્રાચીન મૂર્તિનો આવો પ્રભાવ જોઈ અહીં એક મોટું દેરાસર બંધાવવાનો વિચાર વ્યવસ્થાપકોના મનમાં આવ્યો. સ્ટેશન પાસેની જમીન વેચાતી લીધી અને કામની શરૂઆત કરવામાં આવી. પાસે અમદાવાદ જેવું સમૃદ્ધ શહેર હતું. ત્યાંના વતની શેઠ જેઠાલાલ દીપચંદનાં ધર્મપત્ની તે વીસનગરવાળા શેઠ મણિલાલ ગોકળભાઈનાં બેનને આ વાતની જાણ થતાં તેમણે એંશી હજાર જેવડી મોટી રકમ આ દેરાસરના નિર્માણ અર્થે આપી. આ દ્રવ્યથી અહીં ભવ્ય જિનાલય તૈયાર થયું.

સંવત ૧૯૭૪ના વૈશાખ શુદ ૬ના દિવસે ભીંતમાંથી પ્રગટ થયેલ શ્રી. મહાવીરસ્વામી ભગવાનની પ્રતિમાને મૂળ નાયક તરીકે પ્રતિષ્ઠા કરવામાં આવી. સં૰ ૧૯૯૧માં અહીંના એક ટેકરાને ખોદતાં પાંચ મૂર્તિઓ નીકળી હતી, જે આજ મંદિરમાં પધરાવવામાં આવી છે. સિદ્ધપુરના દેરાસરમાં પાંચ હજાર રૂપિયા આપી એક મોટી પ્રતિમા તેમજ બીજી નાની નવ પ્રતિમાઓ પાનસર તીર્થમાં લાવીને પ્રતિષ્ઠા કરવામાં આવી.

ધીમે ધીમે આ તીર્થ યાત્રાનું ધામ બની ગયું,

અને સેંકડો ભવ્ય જીવો અહીં યાત્રાર્થે આવી પોતાની કાયાનું કલ્યાણ કરવા લાગ્યા.

આ મંદિરથી બે ફર્લાંગ દૂર પાનસર ગામ આવેલું છે. ત્યાં પણ ઘૂમટબંધી એક નાનું શ્રી. ધર્મનાથ ભ૦ નું ચૈત્ય છે. જેમાં ભગવાનની બાર આંગળની આરસની એક પ્રાચીન પ્રતિમા બિરાજમાન છે.

અહીં ગામમાં ઉપાશ્રય નથી પણ એક જૂની ધર્મશાળા છે. શ્રાવકનાં ૮ ઘરો છે અને ગામમાં ૧૦૦૦ માણસની કુલ વસ્તી છે.

આ ગામની આસપાસનાં મકાનો અને વાવડીઓ જોતાં આ ગામ પહેલાં સમૃદ્ધ હશે એમ અનુમાન થઈ શકે છે. થોડા સમય પહેલાં પણ અમુક સ્થળે ખોદતાં કેટલીક પ્રતિમાઓ પ્રગટ થઈ હતી જે ગામના દેરાસરમાં પધરાવવામાં આવી છે. આથી આ ગામની પ્રાચીનતા પણ પૂરવાર થાય છે.

શુભ વીરવિજયજી મહારાજે પાનસરમાં વિ૦ સં૦ ૧૮૪૮ના કારતક માસમાં દીક્ષા આપી તે વખતે ખંભાતનો સંઘ અહીં આવ્યો હતો.

—જૂઓ 'જૈન ગુર્જર કવિઓ' ભા૦ ૩ ખંડ ૧, પૃ૦ ૨૦૯

# શ્રી. વામજ તીર્થ

[ ૪ ]

**કુલોલથી** ચાર ગાઉ દૂર આ તીર્થ આવેલું છે. મોટર રસ્તે જવાય છે. આ તીર્થનો ઇતિહાસ જાણવાજેવો છે.

વામજમાં દંડક નામના સંન્યાસીને દશ–બાર દિવસથી સ્વપ્નું આવતું કે જ્યાં ધોળી મૂછવાળો નાગ ઘણી વખત દેખાય છે તે પડતર જમીનમાં દેવનું સ્થાનક છે. એ દેવ તે જૈનોના આદિનાથ. તેમને ગામના પટેલ વગેરેની મદદ લઈ ખોદકામ કરી પ્રગટ કરો. આ રીતે વારંવાર સ્વપ્ન આવવાથી તે જગાએ ખોદકામ કરાવ્યું તો પ્રતિમાજી મળી આવ્યાં.

એ પ્રતિમાઓમાં આદિનાથની પ્રતિમા તેમજ ચાર કાઉસગ્ગિયા, બે ઇંદ્રાણી દેવીની મૂર્તિ તેમજ બે ખંડિત ઈંદ્રની મૂર્તિઓ નીકળી આવી.

વૃદ્ધ પુરુષો પરંપરાથી સાંભળેલી એવી દંતકથા કહે છે કે, આ જગાએ પ્રથમ મૂલ—દેરાસર હતું, તેમજ સેરિસા સુધીનું ભોંયરું હતું. મળી આવેલા બે કાઉસગ્ગિયાના ઉપરનું પરિકર કોઈ બ્રાહ્મણે મહાદેવનું દેવલ કરાવતાં ત્યાં ચોડી દીધેલું દેખાય છે. તેમજ બીજા કેટલાક પથ્થર પણ ત્યાં ચોડેલા છે. એમ કહેવાય છે કે, જે માણસ આ પરિકર, પથ્થર તેમજ ખંડિત પ્રતિમાઓ લઈ ગયેલો તે આંધળો

થયો અને તેનો નિર્વંશ ગયો.

પ્રતિમાજી સં૰ ૧૭૭૯ના માગશર વદ ૫ ને શનિવારે પ્રગટ થયાં તે અગાઉ સામેના ઘરવાળાને કેટલાક ચમત્કાર માલૂમ પડેલા. વાજિંત્રના અવાજો, ઘંટના રણકારો વગેરે. જ્યારે પ્રતિમાજી બહાર પ્રગટ થયાં ત્યારે તેમના શરીરના દરેક ભાગો ઉપર કાળાશ આવવા માંડી હતી તેથી ત્યાં મળેલા લોકોમાં ગભરાટ ફેલાયો કે નક્કી કાંઈ ઉપદ્રવ થશે. પછી તો ગામવાળાઓએ પ્રાર્થના કરવા માંડી ત્યારે પ્રતિમા મૂલ સ્થિતિમાં દેખાવા લાગી.

આ પ્રતિમાજી આગળ દીવો અખંડ બળતો હતો. પણ એક દિવસ તેમાં ઘી થઈ રહ્યું ત્યારે ઓચિંતી આરતી વગેરે થવા લાગી. સામેના ઘરવાળાઓ રાગ–રાગિણીના અવાજો અને ઘંટાનાદ સાંભળીને જાગી ગયા અને જોયું તો દીવામાં ઘી ન હતું. ઘી પુરવામાં આવ્યું.

ટૂંકમાં ત્રિભોવનદાસ કણબીના ઘર પાસેથી ખોદતાં સં૰ ૧૯૭૯ના માગશર વદિ પાંચમ ને શનિવારે પ્રતિમાજી નીકળ્યાં. સંપ્રતિના સમયની શ્રી. શાન્તિનાથ ભગવાનની પ્રતિમા છે, એમ 'જૈનતીર્થના ઇતિહાસ'માં લખેલ છે. શ્રી. વિજયલબ્ધિસૂરિ મહારાજનું પણ એ જ કહેવું છે પરન્તુ વધારે ઊંડાણથી તપાસ કરતાં લાગ્યું કે આ મૂર્તિ શાંતિનાથ ભગવાનની નહીં પરન્તુ ઋષભદેવ ભગવાનની છે, એ એનું લાંછન જોવાથી બરાબર માલૂમ પડે છે.

કહેવાય છે કે પહેલાં અહીં ભવ્ય જિનાલય અને ભોંયરું હતું તેનો સંબંધ સેરિસા જિનાલય સુધી હતો.

જિનાલય સાથે શ્રાવકની વસ્તી પણ ભરપુર હતી. સાધુ મહારાજોનું આવાગમન થયા કરતું હતું, અને સાધુઓ માસકલ્પ પણ અહીં કરતા હતા.

અહીં સં૦ ૧૫૬૨ સુધી જિનાલય હોવાનો ઉલ્લેખ મળે છે. વામજ સેરિસાથી લગભગ ૪ માઈલ દૂર છે. સેરિસા જિનાલયની સાથે આનો પણ નાશ થયો લાગે છે. આ જિનાલયનો હમણાં પુનરુદ્ધાર થયો છે અને તેની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૨૦૦૨ના વશાખ સુદિ તેરશના દિવસે શ્રીમાન્ વિજયધર્મસૂરીશ્વરજીના લઘુ ગુરુભ્રાતા વિજયનેમ-સૂરિના શિષ્યરત્ન શાન્તસ્વભાવી પ્રશમરસનિમગ્ન વિજયો-દયસૂરિ મ. ના હાથથી થઈ છે.

અહીં સફેદ આરસની એક ખંડિત મૂર્તિ છે, જેના ઉપર વિ૦ સં૦ ૧૫૨૩નો લેખ છે. બીજા પણ કેટલાક અવશેષો પડયા છે જેના ઉપરથી એ અનુમાન થઈ શકે કે અહીં પહેલાં જૈન મંદિર હતું. પુરાવા તરીકે કેટલીક મૂર્તિઓ પણ નીકળે છે.

વિ૦ સં૦ ૧૫૬૨માં શ્રી. લાવણ્યસમય મહારાજે અહીં રહીને 'આલોયણાવિનતિ' નામની ગુજરાતી કૃતિ રચી હતી. તેમાં તેમણે લખ્યું છે કેઃ—

સંવત પંદરસે બાસઠે અલવેસર રે, આદીસર સાખિ તો;
વામજમાંહે વિન૦યો, સીમંધર રે દેવદર્શન દાખિ તો.

આ ઉપરથી જણાય છે કે, અહીંના શ્રી આદીશ્વરના મંદિરમાં શ્રી. સીમંધરસ્વામીની મૂર્તિ હતી.

⊙

# ઉપરિયાળા તીર્થ

[૫]

**વીરમગામથી** પશ્ચિમ દિશામાં લગભગ ૧૨ માઈલ દૂર ઉપરિયાળા નામે જૈનોનું તીર્થધામ આવેલું છે. વીરમગામ ખારાઘોડા રેલ્વે લાઈનમાં ઉપરિયાળા ફ્લેગ સ્ટેશન છે. સ્ટેશનથી ૦ાા માઈલ દૂર ઉપરિયાળા ગામ છે. અહીં આદીશ્વર ભ૦ નું નાનું પણ સુંદર મંદિર છે. વિશાળ, ભવ્ય અને બધી આધુનિક સગવડવાળી નવી ધર્મશાળા પણ બાંધવામાં આવી છે.

ઉપરિયાળાના ઉલ્લેખો છસો વર્ષ અગાઉના મળી આવે છે. સં૦ ૧૪૯૨ અને સં૦ ૧૫૨૫ના મૂર્તિલેખોમાં ઉપલિઆસર ગામનો ઉલ્લેખ આવે છે. પંદરમી શતાબ્દિની અંતે થયેલા ઉપા૦ શ્રીજયસાગરે રચેલી 'ચૈત્યપરિપાટી'માં આ ઉપરિયાળામાં શ્રી. આદિનાથ ભ૦ નું મંદિર હતું એવો ઉલ્લેખ કરેલો છે.

આ ઉપરથી જણાય છે કે, આ ગામમાં પંદરમી શતાબ્દિમાં શ્રી. આદિનાથનું મંદિર હતું, પણ કોઈ વિનાશક પરિબલોથી તેનો નાશ થયો.

સમયની જરૂરિયાતે સં૦ ૧૯૧૯ના વૈશાખ સુદિ ૧૫ ના રોજ એક કુંભારના હાથે મૂ૦ ના૦ શ્રીઆદીશ્વરની મૂર્તિ સાથેની બીજી ત્રણ મૂર્તિઓ પણ જમીન ખોદતાં મળી આવી. એક નાની ઓરડીમાં એ મૂર્તિઓને સ્થાપન કરવામાં આવી. દરમિયાન વર્તમાન શિખરબંધી મંદિર બંધાવી તેમાં સં૦ ૧૯૪૪ના રોજ એ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવી.

શ્રી. આદીશ્વરનું આ મંદિર બેઠા ઘાટનું સાદું છતાં દર્શનીય છે. મૂળ ગભારો, સભામંડપ અને ત્રણ બાજુએ શૃંગારચોકીઓ, શિખર, ચાર ઘૂમટો અને વચલી ચોકી ઉપર સામરણયુક્ત બાંધણીવાળું છે. તેની આસપાસ ફરતો કોટ છે, જે ૪૨ ફીટ લાંબો અને ૪૪ ફીટ પહોળો છે. મંદિરની આસપાસ જૂની ધર્મશાળા છે.

મંદિરમાં મૂ૦ ના૦ શ્રી આદીશ્વર ભ૦ છે. તેમની જમણી બાજુએ શ્રી. શાંતિનાથ અને ડાબી બાજુએ શ્રી. પાર્શ્વનાથ ભ૦ ની મૂર્તિઓ છે. મૂ૦ ના૦ ની નીચે શ્યામ આરસની શ્રી. નેમિનાથ ભ૦ ની મૂર્તિ બિરાજમાન છે. મૂર્તિઓ પ્રાચીન હોવા છતાં તેના ઉપર કોઈ લેખ જણાતો નથી.

દર વર્ષે મહા સુદિ ૧૩ અને ફાગણ સુદિ ૮ ના રોજ અહીં યાત્રીઓના મેળા ભરાય છે.

શાંત અને આહ્લાદક વાતાવરણમાં આ તીર્થ યાત્રીઓના મનને પ્રફુલ્લિત બનાવે છે.

શ્રીમાન શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરિ

મહારાજે આ તીર્થનો ઉદ્ધાર કર્યો હતો, તે સંબંધી મારા ગુરુમહારાજ પૂજ્યપાદ શાન્તમૂર્તિ શ્રી. જયન્તવિજયજી મહારાજે 'ઉપરિયાળા તીર્થ' નામક પુસ્તિકા લખી છે. તેઓશ્રી પોતાના ગુરુમહારાજના સ્વર્ગવાસ પછી આ તીર્થની કાળજી રાખતા હતા. શ્રીયુત ચીમનલાલ કડીયાએ પણ સમયનો ભોગ આપીને આ તીર્થ માટે સારો પરિશ્રય ઉઠાવ્યો છે અને શ્રીસંઘની સહાયથી વિશાળ ધર્મશાળા તૈયાર થઈ છે. નવી ધર્મશાળામાં પ્રવેશ કરતાં ચોકમાં દેરી આવે છે ત્યાં આદીશ્વર ભગવાનનાં પગલાં સ્થાપન કર્યાં છે. આ 'ઉપરિયાળા તીર્થ'નું પુસ્તક પ્રસિદ્ધ થયું તે પછી અહીં થયેલા ફેરફાર વિશેની હકીકત આ પ્રકારે છે.—

જિનાલયનો સભામંડપ બહુ નાનો હતો તે મોટો કરાવ્યો છે. શૃંગારચોકી તોડીને તથા જૂની ધર્મશાળાનો થોડો ભાગ અંદર લઈને સભામંડપ બહુ મોટો ત્રણ દરવાજાવાળો કર્યો છે.

ભમતીમાં મૂળનાયક શ્રી. આદીશ્વર ભગવાનના તેર પૂર્વભવો પથ્થરની અંદર કોતરીને રંગ–બેરંગી પટ બનાવ્યો છે.

પૂર્વભવોની આગળ એક આરસનો ગિરનારનો પટ પણ કોતરીને તૈયાર કરેલો છે અને પટની પાછલી બાજુએ સમ્મેતશિખરનો આરસનો કોતરેલો પટ ચોડેલો છે. ભમતીમાં ત્રણ દિશામાં એક એક દેરી કરીને તેમાં ભગવાનને પધરાવ્યા છે. શ્રી મલ્લિનાથ, બીજા શંખેશ્વર પાર્શ્વનાથ અને ત્રીજા કંબોઈના મનમોહન પાર્શ્વનાથ ભગ-

વાનની મૂર્તિઓ છે. જૂની ધર્મશાળામાં જ્યાં પહેલાં કાર્યાલય હતું ત્યાં શ્રીમાન્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનો તથા શ્રીમાન્ વિજયભક્તિસૂરિજી મહારાજના ફોટાઓ રાખવામાં આવ્યા છે. દરવાજામાં પેસતાં ચોકમાં એક દેરીમાં આદીશ્વર ભગવાનનાં પગલાં સ્થાપન કરવામાં આવ્યાં છે. અહીં યાત્રિકોને તમામ પ્રકારની સગવડતા છે. નજીકમાં જ મોટી વિશાળ ધર્મશાળા છે. ભોજનશાળાની ઉત્તમ વ્યવસ્થા છે. અહીંનાં હવા–પાણી ઘણાં સારાં છે.

આ તીર્થ પાચસો વર્ષ પહેલાંનું મનાય છે. અહીં ત્રણ પીળાં પ્રતિમાજી છે. તે પણ પાંચસો વર્ષ પહેલાં હતાં તે જ છે.

⊙

# શ્રી. વડગામ તીર્થ

[ ૬ ]

દસાડા પાસે આવેલું વડગામ જૈનોનું તીર્થ મનાય છે.

મંદિરમાં મૂ૦ ના૦ શ્રી. આદીશ્વર ભગવાન છે. આ દેરાસર બાંધવાનું કામ ૧૮૭૫માં શરૂ થયું અને પ્રતિષ્ઠા ૧૯૦૫માં થઈ. તે પહેલાં ઘરદેરાસર તરીકે બે ઓરડીઓમાં ભગવાન્ બિરાજમાન હતા.

દંતકથા છે કે મૂ૦ના૦જીની મૂર્તિ સં૦ ૧૧૮૦ લગભગની સાલમાં જમીનમાંથી નીકળ્યાં હતાં. મહાદેવનું લિંગ પણ તેની સાથે જ નીકળ્યું હતું, જે દેરાસરની પાસેની નાની દેરીમાં અત્યારે સ્થાપન કરેલું છે.

આ રીખવદેવ ભગવાનની મૂર્તિ બહુ જ ચમત્કારી કહેવાય છે. તેમણે આઠ વર્ષનો દુકાળ પાર ઉતાર્યો હતો. દુકાળ પડયો ત્યારે બધા લોકો ગામ છોડીને ચાલ્યા ગયા. પૂજારી પણ ચાલ્યો જતો હતો પણ ભગવાને સ્વપ્નમાં કહ્યું કે તું જઈશ નહીં. તેથી પૂજારી રહ્યો. બીજા બધા પરદેશ ચાલ્યા ગયા. પૂજારી હંમેશાં પૂજા કરતો રહ્યો. સવાર-

માં મંદિર ખોલતાં હંમેશાં ભંડાર ઉપરથી સવા શેર ચોખા. સવા રૂપિયો અને સવા હાથ લૂગડું પૂજારીને મળતું. આઠ વર્ષ બાદ સુકાળ થતાં પૂજારીના ઘરમાં માણસો આવ્યાં.

સ્ત્રીઓના આગ્રહથી પૂજારીએ ઉપરની હકીકતથી બધાને વાકેફ કર્યા. તેથી બીજા જ દિવસથી ઉપર પ્રમાણે મળતું હતું તે બંધ થઈ ગયું. ત્યારથી એ મૂર્તિ અહીં જ પૂજાતી રહી છે.

અહીં સં૦ ૧૯૫૦–૬૦ લગભગ સુધીમાં શ્રાવકોમાં ૨૦–૨૫ ઘર આબાદ અને સુખી હાલતમાં હતાં. તે પછી ઘર ઓછાં થતાં થતાં અત્યારે ફક્ત ચાર જ ઘર રહ્યાં છે. દેરાસર મોટું અને સારું છે. હાલમાં જ રંગ–રોગાનનું કામ થયું છે. દેરાસરની પાસે જ ધર્મશાળા છે પણ તે સાર-સંભાળ વિના ઉજડ જેવી બની ગઈ છે. ઉપાશ્રયને પણ સાફ-સૂફ રાખવાની જરૂર છે. મૂ૦ ના૦ જી પર લેખ નથી. (ગરદનથી ખંડિત લાગે છે.)

સં૦ ૧૯૫૫માં અમદાવાદવાળા શેઠ મનસુખભાઈ ભગુભાઈ એ અહીં આરસનું કામ કરાવ્યું ત્યારે જૂનું પબાસણ કાઢીને નવું કરાવ્યું છે અને મૂ૦ ના૦ જી ને કાયમ રાખ્યા છે. તે વખતે મૂ૦ ના૦ ની દૃષ્ટિ નીચી થઈ ગઈ હોય એમ કહેવાય છે.

જૂનું પબાસણ શંકરના લિંગ પાસે પડેલું છે. પૂજારીએ પાછળથી બીજાં લિંગો વગેરે અહીં મૂકયાં છે.

૦

## મુનિરાજ શ્રી. વિશાળવિજયજી મહારાજની
## અન્ય કૃતિઓ

૦

| | | |
|---|---|---|
| ૧ | શ્રી. નાકોડા તીર્થ | |
| ૨ | ચાર જૈન તીર્થો ( માતર, સોજિત્રા, ખેડા અને ધોળકા ) | ૧–૦૦ |
| ૩ | કાવી ગંધાર ઝગડિયા ( ત્રણ તીર્થો ) | ૧–૨૫ |
| ૪ | ઘોઘા તીર્થ | ૦–૩૭ |
| ૫ | મૂંગથલા તીર્થ | ૦–૫૦ |
| ૬ | ભીલડિયા તીર્થ | ૦–૬૦ |
| ૭ | રાધનપુર પ્રતિમાલેખસંદોહ | ૫–૦૦ |
| ૮ | રાધનપુર એક ઐતિહાસિક પરિચય | ૦–૭૫ |
| ૯ | ભોરોલ તીર્થ | ૦–૨૫ |
| ૧૦ | બે જૈન તીર્થો–ચારૂપ અને મેત્રાણા | ૦–૩૭ |
| ૧૧ | શ્રી. આરાસણ તીર્થ અપરનામ શ્રી કુંભારિયાજી તીર્થ | ૩–૦૦ |
| ૧૨ | સેરિસા ભોયણી પાનસર અને બીજાં તીર્થો ( વામજ [illegible] ( વ[illegible] તીર્થો ) | ૧–૫૦ |
| | | કિમત |
| ૧૩ | શ્રી દ્વા[illegible] [ [illegible] | ૩–૦૦ |
| ૧૪ | સુભાષિત પદ્ય રત્નાકર : ભાગ ૧–૨–૩–૪–૫ [ મૂળ શ્લોકો ભાષાન્તર સાથે ] | |

શારદા મુદ્રણાલય, પાનકોર નાકા : અમદાવાદ.